ॐ

''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મુલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૨૭ | ૧ એપ્રિલ-૨૦૧૭ | પાના-૧૨ | લવાજમ વાર્ષિક-રૂ.૧૦૦/-

## રાજવાણી - સત્સંગ

અવશ્ય આ જીવે પ્રથમ સર્વ સાધનને ગૌણ જાણી, નિર્વાણનો મુખ્ય હેતુ એવો સત્સંગ જ સર્વાર્પણપણે ઉપાસવો યોગ્ય છે; કે જેથી સર્વ સાધન સુલભ થાય છે, એવો અમારો આત્મસાક્ષાત્કાર છે.

તે સત્સંગ પ્રાપ્ત થયે જો આ જીવને કલ્યાણ પ્રાપ્ત ન થાય તો અવશ્ય આ જીવનો જ વાંક છે; કેમકે તે સત્સંગના અપૂર્વ, અલભ્ય, અત્યંત દુર્લભ એવા યોગમાં પણ તેણે તે સત્સંગના યોગને બાધ કરનાર એવાં માઠાં કારણોનો ત્યાગ ન કર્યો!

સત્સંગની ઓળખાણ થવી જીવને દુર્લભ છે. કોઈ મહત્ પુણ્યયોગે તે ઓળખાણ થયે નિશ્ચય કરી આ જ સત્સંગ, સત્પુરુષ છે એવો સાક્ષીભાવ ઉત્પન્ન થયો હોય તે જીવે તો અવશ્ય કરી પ્રવૃત્તિને સંકોચવી; પોતાના દોષ ક્ષણે ક્ષણે, કાર્યે કાર્યે અને પ્રસંગે પ્રસંગે તીક્ષ્ણ ઉપયોગે કરી જોવા, જોઈને તે પરિક્ષીણ કરવા; અને તે સત્સંગને અર્થે દેહત્યાગ કરવાનો યોગ થતો હોય તો તે સ્વીકારવો, પણ તેથી કોઈ પદાર્થને વિષે વિશેષ ભક્તિસ્નેહ થવા દેવો યોગ્ય નથી. તેમ પ્રમાદે રસગારવાદિ દોષે તે સત્સંગ પ્રાપ્ત થયે પુરુષાર્થ ધર્મ મંદ રહે છે, અને સત્સંગ ફળવાન થતો નથી એમ જાણી પુરુષાર્થ વીર્ય ગોપવવું ઘટે નહીં.

સત્સંગનું એટલે સત્પુરુષનું ઓળખાણ થયે પણ તે યોગ નિરંતર રહેતો ન હોય તો સત્સંગથી પ્રાપ્ત થયો છે એવો જ ઉપદેશ તે પ્રત્યક્ષ સત્પુરુષ તુલ્ય જાણી વિચારવો તથા આરાધવો કે જે આરાધનાથી જીવને અપૂર્વ એવું સમ્યક્ત્વ (આત્મજ્ઞાન) ઉત્પન્ન થાય છે.

જીવે મુખ્યમાં મુખ્ય અને અવશ્યમાં અવશ્ય એવો નિશ્ચય રાખવો, કે જે કંઈ મારે કરવું છે, તે આત્માને કલ્યાણરૂપ થાય તે જ કરવું છે, અને તે જ અર્થે આ ત્રણ યોગની ઉદયબળે પ્રવૃત્તિ થતી હોય તો થવા દેતાં, પણ છેવટે તે ત્રિયોગથી રહિત એવી સ્થિતિ કરવાને અર્થે તે પ્રવૃત્તિને સંકોચતાં સંકોચતાં ક્ષય થાય એ જ ઉપાય કર્ત્તવ્ય છે. તે ઉપાય મિથ્યાગ્રહનો ત્યાગ, સ્વચ્છંદપણાનો ત્યાગ, પ્રમાદ અને ઈંદ્રિયવિષયનો ત્યાગ એ મુખ્ય છે. તે સત્સંગના યોગમાં અવશ્ય આરાધન કર્યા જ રહેવાં અને સત્સંગના પરોક્ષપણામાં તો અવશ્ય અવશ્ય આરાધન કર્યા જ કરવાં; કેમકે સત્સંગ-પ્રસંગમાં તો જીવનું કંઈક ન્યૂનપણું હોય તો તે નિવારણ થવાનું સત્સંગ સાધન છે, પણ સત્સંગના પરોક્ષપણામાં તો એક પોતાનું આત્મબળ જ સાધન છે. જો તે આત્મબળ સત્સંગથી પ્રાપ્ત થયેલા એવા બોધને અનુસરે નહીં, તેને આચરે નહીં, આચરવામાં થતા પ્રમાદને છોડે નહીં, તો કોઈ દિવસે પણ જીવનું કલ્યાણ થાય નહીં.

સંક્ષેપમાં લખાયેલાં જ્ઞાનીના માર્ગના આશ્રયને ઉપદેશનારાં આ વાક્યો મુમુક્ષુજીવે પોતાના આત્માને વિષે નિરંતર પરિણામી કરવા યોગ્ય છે; જે પોતાના આત્મગુણને વિશેષ વિચારવા શબ્દરૂપે અમે લખ્યાં છે. - **શ્રીમદ્ રાજચંદ્રજી, પત્રાંક-૬૦૯**

## સ્વામી વિવેકાનંદ વ્યાખ્યાન

વિશ્વધર્મ પરિષદ સત્તર દિવસો ચાલી અને એમાં હજારથી પણ વિશેષ નિબંધોનું વાચન થયું. છેલ્લે દિવસે, ૨૭મી સપ્ટેમ્બર ૧૮૯૫ ના સ્વામીજીએ એક ટૂંકું પણ મનનીય વ્યાખ્યાન આપ્યું. એમણે કહ્યું:

''વિશ્વધર્મ પરિષદ એ એક સિદ્ધ વાસ્તવિકતા બની ગઈ છે, અને જેઓએ એને અસ્તિત્વમાં આણવાનો પુરુષાર્થ કર્યો છે તેઓને પરમકૃપાળુ પરમાત્માએ સહાય કરી છે અને તેઓના નિઃસ્વાર્થ પ્રયત્નને સફળતાથી નવાજ્યો છે.

''જે મહાનુભાવોનાં ઉદાર હૃદયોએ અને સત્યનિષ્ઠાએ સૌ પહેલાં આ અદ્ભુત સ્વપ્નને સેવ્યું અને પછી એને મૂર્તિમંત કર્યું તેઓનો હું આભાર માનું છું. આ વ્યાસપીઠ ઉપર જે ઉદાર ભાવનાઓની છોળ ઊડી રહી તેનો હું આભાર માનું છું. મારા પ્રત્યે સતત મમતા દાખવવા માટે તેમ જ ધર્મો વચ્ચેના ઘર્ષણને હળવું બનાવે એવા પ્રત્યેક વિચારને બરાબર સમજવા માટે આ વિવેકસંપન્ન શ્રોતાજનોનો હું આભાર માનું છું. આ સંવાદિતાના સૂરો વચ્ચે કોઈ કોઈ વાર થોડા વિસંવાદી સૂરો સંભળાય છે ખરા; પરંતુ હું તેઓનો તો ખાસ આભાર માનું છું કારણ કે તેઓએ પોતાની ધ્યાન ખેંચે એવી વિસંવાદિતાથી સર્વત્ર પ્રસરેલી સંવાદિતાને વિશેષ મધુર બનાવી છે.

''ધાર્મિક એકતાની સામાન્ય ભૂમિકા વિશે અત્રે ઘણું ઘણું કહેવાયું છે. આ સમયે એ વિશે મારો પોતાનો કોઈ સિદ્ધાંત રજૂ કરવાનો હું પ્રયત્ન કરતો નથી, પરંતુ અત્રે જો કોઈ વ્યક્તિ એવી આશા રાખતી હોય કે આવી એકતા કોઈ એક ધર્મના વિજય અને બીજા ધર્મોના પરાજયથી સિદ્ધ થઈ શકશે, તો તેને મારે કહેવું જોઈએ કે, 'ભાઈ! તારી આશા તો વ્યર્થ છે.' શું હું એવી ઈચ્છા રાખું કે ખ્રિસ્તી હિંદુ થઈ જાય? બિલકુલ નહીં. એ જ રીતે, શું હું એવી ઈચ્છા સેવું કે હિંદુ કે બૌદ્ધધર્મી ખ્રિસ્તી બની જાય? બિલકુલ નહીં.

''બીજને પ્રથમ ભૂમિમાં રોપવામાં આવે છે, અને પછી એની આસપાસ ખાતર, હવા અને પાણી દેવામાં આવે છે. તો શું એ

બીજમાંથી માટી, હવા કે પાણીનો અંકુર ફૂટશે ? નહીં જ. એમાંથી તો છોડ જ થશે. એ એની પોતાની વૃદ્ધિના નિયમાનુસાર વિકસવા માંડશે, એ માટી, હવા અને પાણીને પોતામાં સમાવી લેશે, એ એમનું અંકુરમાં રૂપાંતર કરશે અને પછી વધીને એક છોડના રૂપમાં એ ઊગશે.

''આવું જ ધર્મના વિકાસ વિશે કહી શકાય. દરેક ધર્મના મનુષ્યે અન્ય ધર્મોની ભાવનાને આત્મસાત્ કરવાની છે; અને એવું કરતાં છતાં સ્વત્વ જાળવી રાખવાનું છે, તથા વિકાસના નિયમાનુસાર પોતાનો વિકાસ કરવાનો છે.

''વિશ્વધર્મ પરિષદે જગતને જો કંઈ પણ દર્શાવી આપ્યું હોય તો તે આટલું: તેણે જગત સમક્ષ પુરવાર કરી આપ્યું છે કે પવિત્રતા, ચારિત્ર્ય અને ઉદારતા એ કોઈ એક જ ધર્મનો આગવો ઈજારો નથી; દરેક પંથમાં અત્યંત ઉચ્ચ ચારિત્ર્યવાન નરનારીઓ થઈ ગયાં છે. પોતાની સામે એવો પુરાવો હોવા છતાં પણ જો કોઈ મનુષ્ય એવા સ્વપ્નમાં રાચતો હોય કે કેવળ મારો જ ધર્મ ટકશે અને બીજા ધર્મો નાશ પામશે, તો એવા મનુષ્યની તો હું મારા અંતઃકરણના ઊંડાણમાંથી દયા ખાઉં છું, અને તેને ચોખ્ખું સંભળાવી દઉં છું કે તેના સઘળા વિરોધની ઉપરવટ જઈનેય હવે દરેક ધર્મના ઝંડા ઉપર પણ નીચેના શબ્દો લખવામાં આવશે: 'ઝઘડો નહીં પણ પરસ્પર સહાય; સંહાર નહીં પણ સમન્વય, વિસંવાદ નહીં પણ સંવાદ અને શાંતિ.' '' અને એ સાથે ગઈ કાલનો એ અજ્ઞાત પરિવ્રાજક થોડા જ વખતમાં વિશ્વવિખ્યાત મહાપુરુષ બની ગયો વિશ્વધર્મ પરિષદ જો એક અપૂર્વ ઘટના હતી તો એની વ્યાસપીઠ ઉપરથી પૂર્વના સંન્યાસીની ઉદ્‌ઘોષણા એ બીજી અપૂર્વ ઘટના હતી. ફક્ત ત્રીસ વર્ષની નાની વયનો એ અકિંચન સંન્યાસી જગદ્‌ગુરુની કોટિમાં આવી ગયો. જે શિકાગો શહેરમાં એમણે કષ્ટ અને હાડમારીઓ વેઠ્યાં હતાં તે જ શિકાગો શહેરમાં હવે એમના દર્શન માટે પડાપડી થવા લાગી!

**- ''વિવેકાનંદ જીવનચરિત્ર'' માંથી સાભાર.**

## આ અંકમાં


| | | |
|---|---|---|
| રાજવાણી - સત્સંગ-વિવેકાનંદ વ્યાખ્યાન | | ૧ |
| સાચા પડવાની જીદ જોખમી છે - | રશ્મિન શાહ | ૨ |
| પ્રેમનો પીયાલો તમને પાઉ ને પીઉ - | તંત્રી | ૩ |
| વક્તાઓ હાર્યા મેકોલો જીત્યો - | ડૉ. કૌશિક ચૌધરી | ૪ |
| એક અનોખું ગુરૂકુલ- એક આદર્શ ગૌશાળા - | શાંતીલાલ ગડા | ૫ |
| એક સાડી બનાવડાવવા જતાં - | મંજુ સાવલા | ૬ |
| સ્વપ્નો હશે તો - | ડૉ. કુમારપાળ દેસાઈ | ૭ |
| વૈજ્ઞાનિકોને સંતોનો દરજો આપીએ | | ૭ |
| પેપ્સી સામે ઝુંબશ-લઘુકથાઓ-ધર્મેન્દ્રસિંહ રાઠોડ, આબિદ ભટ્ટ | | ૮ |
| લીડરનો આત્મવિશ્વાસ- મનઝરૂખો - | ડૉ. કુમારપાળ દેસાઈ | ૯ |
| ઈશ્વર પાસે એક જ આદર્શ છે ''પુલ'' - શશિન | | ૯ |
| એ.પી.જે. અબ્દુલ કલામના જીવન ચરિત્રમાંથી-ધીરૂભાઈ દોશી | | ૧૦ |
| લવાજમ-કાવ્ય - | રમેશ બારોટ | ૧૦ |
| જસ્ટ એક મિનિટ - | રાજુ અંધારિયા | ૧૧ |
| જુના વસ્રો - | ટીના સંપ્રતિ ગડા | ૧૨ |


# સાચા પડવાની જીદ જોખમી છે

પ્રેમ અને લાગણીના લાંબા એવા પરિઘ પર એ જ સંબંધો દુઃખ આપવાનું કામ ત્યારે કરવા માંડે છે જ્યારે તમે જાતને ઓગાળીને આગળ વધી જાઓ છો અને તમે જાતને ભૂલીને પરકાયાપ્રવેશ કરી નાખો છો. અન્ય માટે કાયા છોડવી એ પ્રેમ, પણ કાયા છોડીને પરકાયાપ્રવેશ કરવો એ ગુલામીના આરંભની દિશા અને આ દિશા એ સમયે શરૂ થાય છે જે સમયે સાચા પડવાની હોડ માંડી દેવામાં આવે છે.

સાચા પડવાની જીદ આજના કોઈ પણ સંબંધ માટે જોખમી છે. સાચા પડવાનું ન હોય, સાચા હોય એ સાચા જ રહે અને સત્ય હોય એ કડવું હોય કે વસમું હોય તો પણ એ સત્ય જ રહે. સાચા પડવા માટેના કોઈ પ્રયાસ કરવા જ ન પડે. ક્યારેય નહીં અને કોઈ દિવસ નહીં. એક્સ્ટ્રીમ થઈને કહેવું હોય તો આ જ કહેવું પડે અને પોલાઈટ થઈને કહેવાનો પ્રયાસ કરો તો પણ સત્ય તો એ જ છે કે સાચા પડવાના ક્યારેય કોઈ પ્રયાસ થવા જ ન જોઈએ.

ચાલીસના દશકમાં મહાત્મા ગાંધીએ કહેલા શબ્દો આજે પણ કેટલા યથાર્થ છે એ ખરેખર જોવાની જરૂર છે. મહાત્મા ગાંધીએ કહ્યું હતું 'સત્ય એક એવો ઝંડો છે જેને ક્યારેય પકડવો નથી પડતો અને એને ક્યારેય લહેરાવવો નથી પડતો. એ આપોઆપ જ ઊંચો રહે છે અને લહેરાયા કરે છે. જો તમે સાચા હશો તો આજે, કાલે, પરમ દિવસે સામેની વ્યક્તિને ખબર પડી જ જવાની છે અને તેને એનો અનુભવ પણ થશે. પણ જો તમે સાચા છો એ સાબિત કરવા ગયા તો તમારી યાત્રા સંઘર્ષમય થઈ જશે.'

અદ્‌ભૂત સાર છે આ એક વાતમાં જીવનમાં દરેકેદરેક કપલે, આઈ મીન દંપતીએ કે પછી એવા જે કોઈ સંબંધો જોડકાં સ્વરૂપમાં છે એ બધાએ મહાત્મા ગાંધીના આ શબ્દોને માનસપટ પર ચીતરીને રાખી દેવા જોઈએ, કારણ કે આ શબ્દો ભુલાયા છે એ જ સમયથી દરેક સંબંધને અહમ્‌નો ભાર વર્તાવો શરૂ થઈ ગયો છે અને અહમ્ ઓગાળવાનું કામ તો પ્રેમ કરે છે; પણ પ્રેમમાં જ સાચા પડવાનો અહમ્ ઉમેરાઈ જાય તો સમજી શકાય કે પરિસ્થિતિ કઠોર થવા માંડી છે અને કઠોરતા તમે સહન કરી શકવાના નથી. સાસુ પાસે વહુને સાચું પડવું છે અને વાઈફ પાસે પતિને સાચા રહેવાની ઈચ્છા છે, બધાને સાચા પડવું છે. બધાને સાચા હોવાનું પુરવાર કરવાની ઉતાવળ છે, એવી ઉતાવળ કે જાણે આવતી ઘડી આવવાની જ નથી.

સાચા પડવા માટે કે સાચા હોવાનું પુરવાર કરવા માટે જો પ્રયાસ નહીં થાય તો પણ વાસ્તવિકતા બદલાવાની નથી. સામે બેઠેલો પોપટ સાચી રીતે ઓળખાવશો નહીં તો એ કંઈ કાગડો નહીં થઈ જાય અને હાથીને કૂતરો કહેનારાના એ કહેવાથી હાથી કંઈ ભસવા નથી માંડવાનો. વાસ્તવિકતાને અકબંધ રાખો અને વાસ્તવિકતાને સ્વીકારો. જો એ કામ થઈ શક્યું તો વાસ્તવિકતા આંખ સામે આવે એ સ્તર સુધી રાહ જોવાની ધીરજ પણ આપોઆપ કેળવાવી શરૂ થઈ જશે. જો ધીરજ ધરતાં શીખી ગયા તો ક્યારેય, ક્યાંય અને કોઈ જગ્યાએ અફસોસની સીમાને સ્પર્શવાની નોબત નહીં આવે.

આ હકીકત છે અને આ હકીકત જરા પણ ખોટી નથી. કરવાનું છે માત્ર એટલું જ કે મહાત્મા ગાંધીના શબ્દો ગોખી નાખવાના.

**- રશ્મિન શાહ, સૌ. મીડ ડે**

# ''પ્રેમનો પીયાલો તમને પાઉને પીઉ''
## ઉપસંહાર

દસ ભાગમાં આ લખાણ આવ્યું છે.

આ પછીનો અહેવાલ ટુંકમાં જણાવીએ છીએ.

૧ વરસનું મૌન ૫.૧.૯૭ના પુરૂ થયું. પછી પાછું ચિંચણી સમાધિ સ્થાનકે મૌન ચાર્તુમાસ -૧.૮.૯૭ થી ૨૬.૧૧.૯૭ થયું એ સમયે સંસ્થામાં પૂ. બાપજી તથા તરૂલતા બાઈ મહાસતીજીનું ચાર્તુમાસ પણ હતું ચિંચણ ચારેક વાર સમાધિ સ્થળે સાધના કરવા મળી.

પ્રથમ વાર: રોજ સંસ્થાને રસોડે ભોજન લેવા જતા.

બીજી વાર: સ્વ ખર્ચે સ્વયં પાકી રહેલ

ત્રીજી વાર: સમાધિ સ્થાન બે એકરની જગ્યામાં જ રહેવાનું અને ભોજન માટે ઈશ્વર ગોઠવે તેમ પણ ભાવદિક્ષિત બીનાબેન મહાસતીજી સાથે હતા તેઓ ટીફીન મોકલતા.

મૌન શરૂ કરતા મુદત નિશ્ચિત નહોતી રાખી. અંતર અવાજ પ્રમાણે ચાલવાનું રાખેલ પણ કાર્તિકી પુનમ પછી મૌનમાંજ ઘરે આવવાનું થયેલ. આંખના મૌનનો અવાજ હતો પણ એ માટે સમય ગયો.

ઘરે થોડો સમય મૌન ચાલુ રહેલ પણ આંખનું મૌન ૧૯૯૯માં એક મહિનો આંખે પટ્ટી બાંધીને ઘરમાં જ કરેલ. દીકરી ઉંમર લાયક થઈ ગઈ હતી. ધર્મપત્નીની ટકોર રહેતી કે આ બંધ કરો અને હવે એને માટે વિચારો. અમે કીધેલ કે તેના સમયે થઈ રહેશે. ઈશ્વરે ગોઠવ્યું હશે તેમ થશે પણ આંખના મૌનમાં અવાજ આવ્યો કે હવે દીકરીનું ગોઠવો. દસેરાએ મૌન ખોલ્યું તરત કામે લાગ્યો. વિવાહ બ્યુરોમાં નામ લખાવ્યું, સગાઓને ફોન કરતો રહ્યો અને મળતો રહ્યો. દસેરાએ કામ ઉપાડ્યું અને દિવાળીએ અત્યંત સુખી સંસ્કારી પ્રેમી કુટુંબમાં દીકરીનું ૧૯૯૯માં ગોઠવાઈ ગયું. ૨૦ દિવસમાંજ પ્રશ્ન પતી ગયો.

૧૯૯૭ થી ૨૦૦૩ સુધી સંસ્થામાં નોકરી કરી. સંસ્થાનો રીડેવલપમેન્ટ પ્રોગ્રામ અમારે હાથે ગોઠવાઈ રહ્યો હતો. તેમાં બે વરસ ૨૦૦૩ થી ૨૦૦૫ વગર પગારે પણ સહયોગ કર્યો. ૨૦૦૫ માં અમને બે રૂમ સામે બે ફ્લેટ મળ્યા. ૨૦૦૬નું ચાર્તુમાસ ઈડર ચંદ્રપ્રભુ નીચેના દેરાસરની નીચે ગુફામાં કર્યું એ પછી અવાજ હતો સર્વસંગ પરિત્યાગ પણ એ કંઈ ગોઠવાયું નહિ. ૨૦૦૭નું ચાર્તુમાસ નર્મદા કિનારે રણાપુર ગામમાં જ્યાં મુનિશ્રી સંતબાલજીએ ૧૯૩૭માં એક વરસનું મૌન કરેલ ત્યાં કર્યું. સન્યાસી વેશમાં રહેતો અને ગામમાં ભિક્ષા લઈ આવી એક ટાઈમ ભોજન કરવાનું રાખેલ. ચાર્તુમાસમાં નવાઈ (નવ ઉપવાસ) કરેલ. બંને પુત્રો યુવાન થઈ ગયેલ. અમારી ગેરહાજરીને હિસાબે તેમના વિવાહનું ગોઠવાતું નહોતું. અમારા ધર્મપત્નીએ કહેલ કે એકવાર ઘરે આવી જાવ. બે દિકરાનું લગ્ન થઈ જાય પછી તમને વિદાય આપશું. અમે ત્યારે તો કંઈ જવાબ આપેલ કે થઈ રહેશે. રાહ જુઓ. રણાપુરના કાર્તિક પુનમે ચાર્તુમાસ પુરૂ થયું. પછી માલસરમાં વિષ્ણુભાઈ પંચાલના આંબાવાડિયામાં ૧ મહિનો રહેવાનું થયું.

નર્મદા પરિક્રમા વાસીઓ રોજ અમારે ત્યાંથી ''નર્મદે હર'' કરતા પસાર થાય. અમને થાય આમ કાંઈ ભગવાન થોડા મળે નકામાં ટાંટીયા ભાંગે છે. પણ માલસરમાં અમને જ અંતર અવાજ આવ્યો કે 'નર્મદા પરિક્રમા' કર અને બીજે દિવસે વિધિ પતાવી ત્રીજે દિવસે ''નર્મદા પરિક્રમા'' શરૂ કરી.

અદ્ભૂત રહી આ યાત્રા. કુદરતની કેવી અદ્ભૂત વ્યવસ્થા છે એનો શ્રેષ્ઠ અનુભવ થયો આ પરિક્રમામાં, ૧૪૫ દિવસમાં લગભગ એક પણ પૈસા વગર અને પગે ચાલી-ભિક્ષાથી ભોજન એમ આ ૨૭૦૦ કિ.મી. પરિક્રમા પુરી થઈ. આમ પ્રથમવાર ૨૦૦૭ થી ૨૦૦૮ લગભગ તેર મહિના સળંગ ઘરબહાર રહેવાનું થયું, મે ૨૦૦૮માં નર્મદા પરિક્રમમાં પછી ઘરે આવ્યો. ૨૦૦૮ ડિસે. માં મોટા પુત્રના અને મે ૨૦૦૯માં નાના પુત્રના લગ્ન થયા અને જુન ૨૦૦૯ થી પાછા ઘરેથી વિદાય લીધી. અને ઓક્ટોબર ૨૦૧૪ સુધી સ્થાનકવાસી જૈન સાધુ જેવો વેશ-ગોચરી-પાદવિહાર-અકિંચન-વિ. નિયમો સાથે વિધિ વગરની દીક્ષા જેવું જીવન જીવ્યા.

બે ચાર્તુમાસ અમદાવાદ હઠ્ઠી સિંગની વાડીમાં, ૧ ચોમાસું ભાવનગર મહાજન ગૌશાળામાં અને છેલ્લા બે ચાર્તુમાસ રણાપુર ગામમાં નર્મદા કિનારે થયા. છેલ્લા બે ચાર્તુમાસમાં ફરી સ્વયંપાકી થઈને રહેલા.

આમ વિવિધ રીતે યાત્રા ચાલી. ફરી ઓક્ટો.૨૦૧૪ થી અત્યાર સુધી મુંબઈમાં ઘરે રહીએ છીએ. ફરી જાન્યુ.૨૦૧૫ થી 'ગોરક્ષા પાત્ર' માસિક શરૂ થયું.

ફરી એપ્રિલ ૨૦૧૭ થી મૌન-અસંગ સાધના એ જ ધર્મધરા ચિંચણીના દરિયા કિનારે મુનિશ્રી સંતબાલજીના સમાધિ સ્થળે ચાલુ થઈ રહી છે. મૌન દરમિયાન ફોનનો ઉપયોગ બંધ રહેશે.

હવે પછી 'ડાયરી બોલે છે' એ મથાળે ૧૯૯૭ ની ડાયરીમાંથી આવતું રહેશે. હવે પછીની સાધના કેવી, કેમ, મૌન શા માટે વિ. માટે આવતા અંકમાં.

અમારી વેબસાઈટ હવે શરૂ થઈ ગઈ છે એમાં પ્રેમનો પિયાલોના દસ ભાગ, ''શાંતિનું સરનામું'' પ્રબુધ્ધ જીવનમાં અમારી ડાયરીના આધારે આ. શ્રી. ધનવંતભાઈ શાહે લખેલો દસ પાનાનો લેખ તથા ગોરક્ષા પાત્રના અંકો તેમજ થોડા સ્વાધ્યાય થયા છે તે આપ વાંચી શકશો, સાંભળી શકશો.

**Web: www.gorakshapatra.org.**

**'ડાયરી બોલે છે' તા.૧૬.૧૧.૯૭**

સત્પુરુષની કૃપા પામરને પણ પરમાત્મા બનાવી દે છે. ''ઉઘડતા દ્વાર અંતરના'', નો પ્રયોગ જગત ચરિતાર્થ થયેલો નિહાળશે. ગાંધીજીના શબ્દો પણ ચરિતાર્થ થઈને રહેશે. એ લખે છે, ''એક જ વ્યક્તિ જો તે લગભગ સંપૂર્ણપણે અહિંસક હોય તો દાવાનલ ઓલવવા સમર્થ છે.''

સત્યઅહિંસાનો આવો પ્રયોગ થઈને રહેશે એમ સ્પષ્ટ દેખાય છે એ તરફ તીવ્ર ગતિ એ પરમાત્મા દોરી રહ્યો છે. સુકાન એમના હાથમાં સ્પષ્ટ છે. હું તો શૂન્ય થઈ ગયો છું. ફુટબોલ થઈ ગયો છું, એમાં પરમાત્મા ની કૃપા રૂપી હવા ભરી છે, એ ઉછળશે જ્યાં સુધી એમાં એ હવા હશે, એમાં અંશમાત્ર અહમ્ નામનું છિદ્ર પડ્યું કે આ ફુટબોલ સાવ નકામો થઈ જવાનો એ નિશ્ચિત છે. જો કે પરમાત્મા એ કૃપા કરી અહમ્‌ના સર્વ દ્વાર એક પછી એક બંધ કરી રહ્યો છે પણ ક્યાં અને કેવા સ્વરૂપે એ ઘુસી જાય એ કહેવાય નહી. અત્યંત સતર્કતા-સાવધાની માંગે છે.

# વક્તાઓ વિચારકો હાર્યા, મેકોલો જીત્યો છે

ભાષણો... ભાષણો... અને બસ ભાષણો... અહાહા... બસ ચારે તરફ વક્તાઓ અને તેમના પ્રવચનો. જેમ જેમ સમય વિતતો જાય છે તેમ તેમ પ્રવચનો અને સેમીનારો આપનારાઓની જાણે બહાર ખીલતી જાય છે. ઘર-ઘરમાં કથાકારો, વિચારકો અને વક્તાઓ ભરેલા છે. સાંભળનારા કરતાં બોલનારા વધારે છે. એક જણ વક્તાને સાંભળવા જાય છે અને કહે છે 'બે દિવસ પછી મારું પણ લેક્ચર છે. તમે આવજો'. વીસ-પચ્ચીસ જણાને ભેગા કરીને આપેલા લેક્ચરના પણ ફોટા ફેસબુક પર ફરતા કરવામાં આવે છે. લોકલ છાપાઓમાં નાની ખબર રુપી એડવરટાઈઝ આપવામાં આવે છે. જાણે સ્ટાર બનવાનું અને વિખ્યાત બનવાનું લોકો પર ભૂત સવાર છે અને સોશિયલ મીડીયાના આ જમાનામાં નાના-મોટા વક્તા બની જવું એ તેના માટેનો શોર્ટકટ છે, એક દાયકા પહેલા મધ્યમ વર્ગી સમાજમાં ડોક્ટર બનાવવાનો જેવો ક્રેઝ જાગ્યો હતો તેવો જ ક્રેઝ હવે વક્તા અને વિચારક બનવાનો જાગ્યો છે.

પણ આ બધા પછી પણ સત્ય એ છે કે દુનિયા જેવી હતી તેવીને તેવી જ છે. પર્સનાલીટી ડેવલપમેન્ટના સેમીનારો સાંભળીને કોઈની પર્સનાલીટી ખીલી ગઈ હોય અને તે ભઈ કોઈ મોટો ડેશીંગ અમિતાભ બચ્ચન બની ગયો હોય તેવું આપણે જોયું નથી અને જોવાના પણ નથી. વિવકાનંદે અમેરીકાના તેના એક પ્રવચનમાં કહ્યું હતું 'જ્યાં સુધી તમારામાં સત્યનું આત્મજ્ઞાન નથી થયું ત્યાં સુધી તમે એક એવા પથ્થરની મૂર્તિ છો જેની પ્રાણ-પ્રતિષ્ઠા નથી થઈ.' એ ખોખલા અને ભાવવીહીન અંગ્રેજી શબ્દો બોલવાથી, એ ખોખલી અને બનાવટી બોડી લેન્ગ્વેઝ ઉભી કરવાથી જો કોઈ એમ સમજતું હોય કે તેનું પર્સનાલીટી ડેવલપમેન્ટ થઈ જશે તો એ એનું અમૂલ્ય જીવન વેડફી રહ્યો છે. 'જીવનનું સત્ય શું છે અને એક માનવ તરીકે હું આ દુનિયા પર કેમ છું' - જ્યારે માણસ આ સવાલના જવાબની શોધમાં નીકળે છે ત્યારે એ શોધની યાત્રામાં જ તેના વ્યક્તિત્વનું ઘડતર થાય છે અને તેના અંદરનું ઈશ્વરીય તત્ત્વ ઉપસે છે. સત્યના શોધની એ વ્યક્તિગત યાત્રા જ મનુષ્યના વ્યક્તિત્વ ઘડતરનો એકમાત્ર માર્ગ છે. પણ આપણે એક એવા સમયમાં જીવી રહ્યા છીએ જ્યાં માણસને પચ્ચીસ-ત્રીસ વર્ષ સુધી વધુમાં વધુ પૈસા કમાઈ શકાય તેવી ડીગ્રી કઈ રીતે લેવી ફક્ત તેનો જ કક્કો શીખવાડાય છે. અને પછી વધુને વધુ પેટ ભરવાના અને ઈન્દ્રિય સુખ મેળવવાના એકમાત્ર ધ્યેય પાછળ ભાગતા એ પશુને જો કોઈ ભાષણ આપીને મનુષ્ય બનાવવાની કોશિશ કરી રહ્યા છે તો તે તથાકથિત વક્તાઓ અને વિચારકો જરા છેલ્લા દોઢસો વર્ષના ઈતિહાસ પર નજર ફેરવી લે.

૧૮૫૦ પહેલા ભારતમાં જ્યારે ગુરુકુળો ચાલતાં હતાં ત્યારે દરેક બાળક જીવનનું અને અસ્તિત્વનું સત્ય તત્ત્વજ્ઞાનના વિષયમાં ભણતો, આ અસ્તિત્વ શું છે અને આપણે મનુષ્યોને આ અસ્તિત્ત્વમાં શું ભાગ ભજવવાનો છે તેનું જ્ઞાન દરેક બાળક એવી રીતે જ જાણતું હતું જેમ આજનું બાળક 'ઘડિયા અને ટ્વીંકલ ટ્વીંકલ લીટર સ્ટાર' જાણે છે. અને આ ભારત જોઈને મેકોલે નામનો એક અંગ્રેજ અમલદાર ઈંગ્લેન્ડ ગયો અને ૨જી ફેબ્રુઆરી ૧૮૩૫ના રોજ ઈંગ્લેન્ડની સંસદમાં તેણે આ એકમાત્ર ભાષણ આપ્યું. 'હું આખા ભારતમાં ફર્યો પણ મેં એક પણ ભીખારી કે ચોર નથી જોયો. ઊંચા આદર્શો ધરાવતા અને તેમને પાળવાની ક્ષમતા ધરાવતા મહાન માણસોનો એ દેશ છે. આપણે ક્યારેય એ દેશને જીતી નહી શકીએ જ્યાં સુધી આપણે તે દેશની કરોડરજ્જુ સમાન ગુરુકુળની શિક્ષણ પધ્ધતિ ઉથલાવીને અંગ્રેજી શિક્ષણ પધ્ધતિ નહીં લાદીએ. એ જ એકમાત્ર રસ્તો છે યુગોથી શ્રેષ્ઠ રહેલા ભારત દેશને પોતાના પગ નીચે દબાવી દેવાનો.' ત્યારબાદ એ જ કરવામાં આવ્યું જે મેકોલોએ કીધું હતું. ગુરુકુલ પધ્ધતિને સ્થાને અંગ્રેજી શિક્ષણ પધ્ધતિ નાખવામાં આવી, જેનો ઉદ્દેશ્ય હતો બ્રિટીશ રાજની વ્યવસ્થાને ચલાવવા માટેના કર્મચારીઓ અને અમલદારો ભારતીયોમાંથી તૈયાર કરવા. તેમને ઉંચા પગાર અને આર્થિક સુરક્ષા આપીને પોતાના પરીવાર અને તેના ભવિષ્ય સિવાયની બીજી કોઈ વાત વિશે વિચારતા બંધ કરી દેવા. અને ત્યારથી લઈને આજસુધી આપણે એ જ શિક્ષણ વ્યવસ્થા ચલાવી રહ્યા છે અને એવા જ ભારતીયો તૈયાર કરી રહ્યા છીએ જેવું મેકોલોએ આજથી બે સદી પહેલા ચાહ્યું હતું.

મેકોલોએ ભારતની વ્યવસ્થા બદલ્યા પછી ભારતમાં સ્વામી વિવેકાનંદ, મહર્ષિ અરવિંદ, દયાનંદ સરસ્વતી, શ્રી પાંડુરંગ શાસ્ત્રી અને ઓશો રજનીશ જેવા મહાન વિચારકો અને આત્મજ્ઞાનીઓ આવ્યા જેમણે આખાને આખા જીવન મેકોલોની વ્યવસ્થા મુજબ તૈયાર થયેલા ભારતીયને જીવનનું સત્ય સમજાવવા માટે પ્રવચનો આપવામાં કાઢ્યા. પણ એ મહાન લોકોના આખા જીવન હોમાઈ ગયા પછી અને તેમના હજારો ભાષણોના કરોડો શબ્દો વડે ભારતની આ ભૂમિ ગુંજી ઉઠ્યા પછી પણ ભારતીયો આજે પણ એટલા જ ધર્મભ્રષ્ટ અને અજ્ઞાની છે જેટલા દોઢસો વર્ષ પહેલા હતા. તેમની ધર્મભ્રષ્ટતા અને ભટકાવમાં વધારો થયો છે પણ ઘટાડો નથી થયો. આ વાત એ સાબિત કરે છે કે ઓશો, વિવેકાનંદ અને દયાનંદ સરસ્વતી જેવા મહાન આધ્યાત્મિક પુરુષોથી લઈને છેલ્લા દોઢસો વર્ષમાં પેદા થયેલા દરેક વક્તાઓ અને વિચારકો હાર્યા છે અને મેકોલો એકલો જીત્યો છે. એ અનેક મહાપુરુષોનું આત્મજ્ઞાન હાર્યું છે અને મેકોલોની વ્યવસ્થા જીતી છે. તો આપણો આદર્શ જીતનારો હોવો જોઈએ, ન કે હારનારો. આપણો આદર્શ મેકોલો હોવો જોઈએ. એણે આ માનવજાતિને એક મહાન માર્ગ દેખાડ્યો છે. એણે સાબિત કરી દેખાડ્યું છે કે ફક્ત એક શિક્ષણ વ્યવસ્થા બદલી દેવાથી હજારો સર્વશ્રેષ્ઠ રહેલી સભ્યતા પણ પતિત બની શકે છે. તેણે સાબિત કરી દેખાડ્યું કે હજારો લાખો મહાપુરુષોની મહાનતા પણ એક ભ્રષ્ટ શિક્ષણ વ્યવસ્થા સામે નકામી સાબિત થાય છે. મેકોલોએ આપણને માનવસભ્યતાનું સૌથી શ્રેષ્ઠ હથિયાર બતાવ્યું છે. બસ એણે એનો ઉપયોગ અધર્મ અને શોષણની સ્થાપના માટે કર્યો તો આપણે હવે તેનો ઉપયોગ ધર્મ અને સત્યની સ્થાપના માટે કરવાનો છે.

તો, હવે જરૂર છે કે રાજ્યના અને દેશના દરેક વક્તાઓ છેલ્લા દોઢસો વર્ષથી ચાલી આવતી આ પરીણામહીન ભાષણ બાજીની પરંપરાને વિરામ આપે અને એકઠા બની સરકાર સાથે કદમ મીલાવી શિક્ષણ વ્યવસ્થામાં વેદાન્તી તત્ત્વજ્ઞાનનો એક વિષય પહેલા ધોરણથી લઈને બારમા ધોરણ સુધી સુઆયોજીત રીતે શામેલ કરવામાં પોતાનું જ્ઞાન, મહેનત અને સમય આપે. કાચી માટીને જ આકાર આપી શકાય છે, પચ્ચીસ વર્ષે પાકીને તૈયાર થઈ ગયેલા વાસણને તત્વજ્ઞાન આપીને નવો આકાર આપવાનો શ્રમ વ્યર્થ છે.

**- ડૉ. કૌશિક ચૌધરી, ગુ.સમાચાર ૫.૩.૧૭**

# એક અનોખુ ગુરૂકુળ

શ્રી ગોપાલભાઈ સુતરિયાને જેમ ગાય પ્રત્યે પ્રેમ છે, તેમ ભારતીય સંસ્કૃતિ જાળવવાની તેમની નિષ્ઠા પણ અપ્રતીમ છે. તેમણે શરૂ કરેલ ગુરૂકુલમ્‌માં અત્યારે ૭૦ જેટલા બાળકો અને બાલિકાઓ INFORMAL EDUCATION લઈ રહ્યા છે. શું છે આ ગુરુકુળની વિશેષતા ? ચાલો, જાણી લઈએ.

(૧) બાળકને શરૂઆતથી જ શરીર શ્રમના પાઠ શિખવવામાં આવે છે. આમાં તેમને પોતાનુ કામ જાતે કરવાનુ, રૂમ અને પરિસરની સફાઈ કરવાની, કપડા ધોવાના તથા રસોઈ બનાવવામાં યથાયોગ્ય મદદ કરવાનું સામેલ છે.
(૨) સંસ્થાની જમીનમાં શાકભાજી ઉગાડાય છે ત્યાં પ્રત્યક્ષ શ્રમ કરી, ACTIVE રીતે ભાગ લઈ ખેતીવાડી સંબધી જાણકારી મેળવે છે તો વળી ગૌશાળામાં છાણ-વાસીદુ કરતા ગૌસેવાના પાઠ તો શીખે છે સાથે સાથે ગાયો પ્રત્યે લગાવ પેદા થાય છે.
(૩)બાળકોના શારિરીક વિકાસ માટે મલખમનું શિક્ષણ અપાય છે તો કલરિ પટ્ટમ (કેરાલાની કૂંગ-ફૂ જેવી પધ્ધતિ) નું શિક્ષણ મેળવી સ્વરક્ષણના પાઠ શીખે છે.
(૪)બાળકોને ગીરની ગાયોનું તાજુ દોહેલુ, ધારોષ્ણ દૂધ અપાય છે જેથી તેમનો શારીરિક અને માનસિક વિકાસ સરસ થાય છે.
(૫)બાળકો સંસ્કૃતના શ્લોકો સહજતાથી કંઠસ્થ કરી લે છે.
(૬) બાળકોને વૈદિક મેથ્સ, ભારતનો ઈતિહાસ જેવા પરંપરાગત વિષયો પણ શિખવાડાય છે.
(૭)રૂચિ પ્રમાણે બાળકો નાડી પરિક્ષા, સંગીત, નૃત્ય વગેરે શીખે છે.
(૮)બાળકોને ૨૧ વર્ષ અને બાલિકાઓને ૧૮ વર્ષ સુધી અહીં રાખવામાં આવે છે.
(૯)બાળકોને કોઈ ઔપચારિક ડીગ્રી કે સર્ટિફિકેટ આપવામાં આવતા નથી.
(૧૦) બાળકોમાં ભારતીય સંસ્કૃતિના મૂળ ઉંડા ઉતરે, તેમનું ચારિત્ર્ય ઘડતર ઉત્તમ પ્રકારનું થાય અને જીવનમાં અધ્યાત્મ (SPIRITUALITY) નો BASE તૈયાર થાય તે માટે સભર અને સઘન પ્રયત્નો કરવામાં આવે છે.

અચરજની વાત એ છે બાળકોને રહેવા, ખાવા-પીવાની વ્યવસ્થા બદલ કે શિક્ષણ આપવા માટે કોઈ પ્રકારના ચાર્જીસ લેવામાં આવતા નથી. તદન નિઃશુલ્ક હમણા ૭૦ જેટલા બાળકો ગુરુકુળમાં ભણે છે તેની સામે ૪૦૦ વિદ્યાર્થીઓનું WAITING LIST છે. ગોપાલભાઈના પોતાના સંતાનો પણ અહીં જ ભણે છે.

સવાર પ્રભાત ફેરી અને પ્રાર્થનાથી થાય છે. ત્યારબાદ કલરિ પટ્ટમનું શિક્ષણ, નાસ્તો, પારંપારિક વિષયોનું જ્ઞાન.

મધ્યાહને ભોજન બાદ એકાદ કલાકના વિરામ બાદ પાછુ પરંપરાગત શિક્ષણ, મલખમ, ખેતરોમાં કામ.

સાંજે અગ્નિહોત્ર કરીને ભોજન ત્યારબાદ નૃત્ય કે બીજુ કોઈ મનોરંજનનું કાર્યક્રમ.

આખા દિવસમાં નિરનિરાળી પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થી એટલો મગ્ન થઈ જાય છે કે શિક્ષણ દ્વારા એને જે ગ્રહણ કરવાનું હોય તે સહજતાથી થઈ જાય છે અને શિક્ષણ એક બોજો નથી બનતું.

**- લિ. શાંતિલાલ ગડા, મો.૯૩૨૩૪૧૨૪૭૧**

# બંસી- એક આદર્શ ગૌશાળા

ઈ.સ. ૨૦૧૪ માં ગુજરાત સરકાર દ્વારા શ્રી બંસી ગૌશાળાને એક આદર્શ ગૌશાળાનો એવાર્ડ આપવામાં આવ્યો ત્યારથી મને એ ગૌશાળા જોવાની તાલાવેલી હતી. તા.૧૫ ફેબ્રુઆરી ૨૦૧૭ ના ગોરક્ષા-પાત્રના સંપાદક શ્રી રમેશભાઈ દોશી સાથે એ ગૌશાળાની મુલાકાત લીધી અને જે જોયુ, જાણ્યું એનો સંક્ષિપ્ત અહેવાલ આપણી સમક્ષ રજુ કરુ છું.

(૧) ગાયોને અહીં બાંધી રાખવામાં આવતી નથી.
(૨) દિવસના ભાગમાં ગાયોને ગૌશાળાના પોતાના ખેતરોમાં ચરવા માટે છુટ્ટી મૂકી દેવામાં આવે છે જ્યાં તેઓ ઝીંઝવા જેવો પૌષ્ટિક લીલો ચારો ચરે છે.
(૩)ગમાણમાં પેસ્ટીસાઈડ રહિત સૂકો ચારો હરહંમેશ ભરેલો હોય છે. આથી ગાયો મનફાવે ત્યારે સૂકો ચારો પણ ખાઈ શકે છે.
(૪)પીવાના પાણીનો હવાડો હર મહિને ચૂનાથી ધોળવામાં આવે છે. આથી પાણી જંતુરહિત તો થાય જ છે, ઉપરાંત પશુના શરીર માટે જરૂરી કેલ્શીયમ સરળતાથી મળી રહે છે.
(૫)ગાયની મીઠાની જરૂરિયાત પૂરી પાડવા ROCK SALT નો ગાંગડો રાખવામાં આવેલ છે.
(૬) ગાયને દોહવા નામથી બોલાવવામાં આવે છે, તે સાંભળીને ગાય અને તેનુ વાછરડું દૂધ દોહવાની જગ્યાએ સ્વયં આવી જાય છે.
(૭)ગાયના બે આંચળનુ દૂધ વાછરડાને આપ્યા પછી બાકીના બે આંચળનુ દૂધ મનુષ્યોના ઉપયોગ માટે લેવાય છે.
(૮) ગાયોને રહેવા માટેની જગ્યા ઉપર અર્ધવર્તુળાકાર છાપરુ સારી એવી ઉંચાઈ પર લગાડેલુ છે જેથી દરેક ગાયને પૂરતા હવા-પાણી અને સૂર્યપ્રકાશ મળી રહે.
(૯)અહી ફક્ત દેશી ઓલાદની ગીરની ગાયો રાખવામાં આવે છે.
(૧૦) લુપ્ત થઈ જતી ગીરની ગાયને બચાવવા અને તેની પ્રજાતિઓ ટકાવવા, ગૌશાળા પાસે ભારતમાં ઉપલબ્ધ ૨૦માંથી ૧૮ પ્રજાતિઓ હાલમાં છે. દેશમાં પશુધનની Bio Diversity જાળવવાનું અને ગાયોનું સંવર્ધન કાર્ય કરવા આ ખૂબ મહત્ત્વનું છે.

અત્રે એક વાત ખાસ કહેવાનું મન થાય છે કે ગાયોની સેવા અને સંરક્ષણ માટે કેટકેટલી નામી અનામી વ્યક્તિઓ અને સંસ્થાઓ આ દેશમાં છે, પરંતુ અહીં થતું ગોસંવર્ધનનું કાર્ય જેવું બીજે બહુ ઓછા ઠેકાણે થાય છે.

ગૌશાળાના માલિક શ્રી ગોપાલભાઈ સુતરિયાને નાનપણથી ગાયો પ્રત્યે લગાવ હતો અને છેલ્લા ૧૧ વર્ષમાં તેમણે સ્થાપેલ બંસી ગૌશાળા એક બીજમાંથી વટવૃક્ષ બની ગઈ છે તેમનો હેતુ પૈસા કમાવાનો નથી પરંતુ એક એવું મોડેલ બનાવવાનો છે જેથી ગૌશાળા SELF SUSTAINABLE બને આથી અહિં ઉત્પન્ન થતા દુધ-ઘીની કિંમત પણ એજ રીતે રાખવામાં આવેલ છે.

વળી સમસ્ત ગુજરાતમાં જાતવાન ગીરની નવી પેઢી તૈયાર થાય તે માટે પોતાને ત્યાં તૈયાર થયેલ શ્રેષ્ઠ નંદી ગુજરાતની કોઈપણ રસ ધરાવતી સંસ્થા, ગાય કે ખેડૂત મંડળીને વિના મૂલ્યે આપે છે. એટલું જ નહિ કેટલાક કિસ્સાઓમાં નંદીને સ્થળ સુધી પહોંચાડવા ટ્રાન્સપોર્ટ ખર્ચ પણ પોતે ભોગવે છે. જાન્યુઆરીમાં જ મધ્ય પ્રદેશના ગોરસ

જ્યાં ૧૪ ગામોમાં લગભગ દોઢ લોખ ગીર ગાયો છે ત્યાં ૨૫ થી વધારે શ્રેષ્ઠ સાંઢ વિનામૂલ્યે ટ્રાન્સપોર્ટ ખર્ચ સાથે આપેલ છે.

અહિં ગોબર ગોમૂત્ર અને પંચગવ્ય આધારિત ઉત્તમ ઔષધનું નિર્માણ થાય છે. જેની કિંમત સામાન્ય માણસને પરવડી શકે તેટલી રાખવામાં આવી છે. ગોપાલભાઈ ઈચ્છે છે કે આ ઔષધોના સેવનથી લોકો પોતાનું ખોવાઈ ગયેલું સ્વાસ્થ્ય પુન: પ્રાપ્ત કરે.

અહિં ખાસ જવનો લોટ તૈયાર કરવામાં આવે છે ગાયને જવ ખવરાવવામાં આવે પછી તેના ગોબરમાં જે જવના આખા દાણા નીકળે તે ગોબર સુકાવીને તે જવમાં બીજા જવ ભેળવી લોટ તૈયાર કરવામાં આવે છે. આ લોટની રોટલી કે અન્ય વસ્તુ બનાવી અન્ય દાળ-શાક-ભાત સાથે લેવામાં આવે તો શરીરના અત્યંત હઠીલા દુસાધ્ય-કેન્સર, ડાયાબીટીશ, બ્લોકેજ વિ. માં ટૂંક સમયમાં જ સારા થઈ જાય છે. આ પ્રયોગોથી સફળ પરિણામો પણ મળેલ છે.

ગોપાળભાઈ ઈચ્છે છે કે લોકો ગાયને પૈસા કમાવાનું સાધન ન માનતા તેનું મર્યાદાપૂર્વક પાલન પોષણ કરે અને તેના દુધ ઘી તથા પંચગવ્ય આધારિત ઔષધોના સેવનથી જાતવાન પેઢી પેદા કરે ગાયને સાચા દિલથી પ્રેમ કરી અને જીવનને અધ્યાત્મ તરફ વાળે.

**- પ્રેષક : શાંતિલાલ ગડા, મો.૯૩૨૩૪૧૨૪૭૧**

## એક સાડી બનાવડાવવા જતાં...

આજના 'ઑનલાઈન શૉપિંગ'ના જમાનામાં નૈસર્ગિક તાંતણાઓ વાપરી, હાથવણાટથી સાડી બનાવી લેવી એ કલ્પના જ કેવી કહેવી! એથી યે વધુ આશ્ચર્યની વાત એ બની કે સોલાપૂરનાં એક યુવાન વકીલે વરધી આપીને બનાવડાવેલ આ સાડી તેની પત્નીને તો ગમી જ, પરંતુ અન્ય મહિલાઓએ પણ આવી જ સાડીની માંગ કરી! સોલાપૂરનાં શ્રી વિનય નારકર નામનાં યુવાનનાં ઘરનું વાતાવરણ નાનપણથી જ ચિત્રો, શિલ્પ, સંગીત, ફિલ્મ વગેરે કળા ક્ષેત્રને સ્પર્શતું. તેથી નાનપણથી જ તે કોઈપણ વસ્ત્ર જૂએ તો તેનું વૈશિષ્ટ્ય કે તેની ખૂબીઓ વિશે સહજ અભિપ્રાય આપે. ઉપરાંત તેને સોલાપૂર શહેરની આસપાસનાં વિસ્તારમાં રહી 'ઈરકલ' પ્રકારની સાડી વણતાં વણકરો સાથે સારો ઘરોબો, તેથી જ તેણે પોતાની પત્નીને 'ઈરકલ' સાડી ભેટ આપી પરંપરાગત ઢબે હાથશાળ પર વણાતી 'ઈરકલ' ની માંગ વધતાં વિનયને તે ક્ષેત્રમાં વધુ ઊંડા ઉતરવાની પ્રેરણા મળી.

એવામાં ઈ.સ. ૨૦૦૮માં સોલાપૂરમાં ફિલ્મ મહોત્સવનું આયોજન થયું, જેમાં માન્યવરોને વિનયે ડિઝાઈન કરેલી શાલ અર્પણ કરવામાં આવી. આ માન મેળવનારાઓમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત વસ્ત્ર-કલા તજજ્ઞ ભાનુ અથૈયા પણ હતા. શાલની અનોખી કિનાર નિહાળી, તેમણે તે કલાકારને મળવાની ઈચ્છા વ્યક્ત કરી. વિનય તેમને મળ્યો, તો શ્રીમતી ભાનુએ તેની કલાની કદર કરતાં, આ ક્ષેત્રમાં જ આગળ વધવાની સલાહ આપી. સાથે જ તેમણે એ યુવાનને દસેક ઈરકલ સાડીઓ બનાવી આપવાનું ફરમાન પણ કર્યું. આવી દાદ મળતાં વિનયનો ઉત્સાહ વધ્યો. સોલાપૂરમાંનાં હાથવણાટ કરતાં વણકરો મોટે ભાગે આંધ્રપ્રદેશનાં 'ગડવાલ' ગામનાં વણકરો પાસેથી વણાટ શીખતા હતા. વિનય જાતે ગડવાલની મુલાકાત લઈ વણકરોને મળ્યો. તેમને પોતાનું કામ કરી આપવાની વિનંતી કરી. પરંતુ આ વણકરો તો પરંપરાગત ઢબથી જ કામ કરવા માંગતા હતાં. વળી દલાલોની શૃંખલાથી બંધાયેલા હતા. એક વર્ષમાં વારંવાર 'ગડવાલ' જઈ વિનયે વણકરોને સમજાવ્યા ત્યારે તેમણે એક લબરમુછિયા વણકરને વિનયનું કામ કરી આપવાની પરવાનગી આપી. વિનયે તેને ત્યાં જ એક હાથ શાળ લઈ આપી, તેને કામ આપવા માંડ્યું. બે-ત્રણ મહિના બાદ વધુ બે વણકર વિનયનું કામ કરવા તૈયાર થયા. આ વણકરોની મદદથી નવી-નવી ભાતવાળી 'રેશમવાલા' નામની ઈરકલ સાડીની બ્રાન્ડે ગ્રાહકોમાં સારૂં આકર્ષણ જમાવ્યું. હવે વિનયની ક્ષિતિજો વિસ્તારવા માંડી. તેને 'ક્રાફ્ટ કાઉન્સિલ' નામની સંસ્થાની જાણ થઈ, જે ભારતનાં વિવિધ શહેરોમાં વણાટનાં વસ્ત્રોનું પ્રદર્શન કરે છે. મહા પ્રયત્નોને અંતે વિનયને આ સંસ્થાનાં સંચાલકોએ મોકો આપ્યો. હવે 'રેશમવાલા' બ્રાન્ડની ઈરકલ સાડીને સારા ગ્રાહકો ઉપલબ્ધ થવા માંડ્યા.

આગળની વાત વિનયનાં જ શબ્દોમાં જાણીયે. 'ઈરકલ' સાડી પરંપરાગત હાથવણાટની સાડી છે, જેમાં કિનારીમાં બે કે વધુ રંગનાં ચોસલાઓની ચોક્કસ રીતની ગોઠવણ હોય છે. વકીલાત છોડીને મેં જ્યારે આ ક્ષેત્રમાં ઝંપલાવ્યું ત્યારે મને જાણવા મળ્યું કે ભારતનાં જુદા જુદા પ્રાંતોમાં વિવિધ પ્રકારની હાથવણાટની સાડીઓ બને છે, જે પહેરવાની ઢબ પણ જુદી જુદી હોય છે. ભૂતપૂર્વ વડા પ્રધાન સ્વ. શ્રીમતી ઈંદિરા ગાંધીએ જે રીતે વિવિધ પ્રકારની સાડીઓને ઉત્તેજન આપ્યું, તેનાથી આ મૃત:પ્રાય ઉદ્યોગને થોડું જોમ મળ્યું. વર્તમાનમાં ઘણા આધુનિક વસ્ત્ર-તજજ્ઞો આ કળાને ઉત્તેજન આપી રહ્યા છે. 'ઈરકલ' સાડીની કિનારમાં ચોસલાની વિશિષ્ટ ભાત પ્રમાણે સાડીનું નામ હોય છે. દા.ત. ખૂબ ઝીણા ચોસલાવાળી કિનાર ધરાવતી સાડી 'ખસખશી' કહેવાય, તો મોટા ચોસલાવાળી ભાત (Checks) 'રાગાવલી' બે-ત્રણ રંગવાળી કિનાર 'પંચરંગી કંડી' અને તેમાંથી વધારે રંગોની કિનારવાળી સાડી 'કુટ્ટાનામ'. મેં હવે દસેક નવી ભાત વિકસાવી છે, વણાટ-પ્રક્રિયાને ઝડપી બનાવવા વણાટકામમાં જરૂરી ફેરફારો કર્યા છે. હાથવણાટની દ્રષ્ટિએ વિચાર કરીએ, તો આપણો દેશ તેમાં કેટલો પ્રગતિશીલ હતો, તેનો ખ્યાલ આવે છે. જુદા જુદા પ્રાંતમાં બનતી સાડીની ભાત જુદી, તે પહેરવાની ઢબ જુદી. કેટલું વૈવિધ્ય!

આ કળાની પડતી માટે કારણભૂત છે ઔદ્યોગિકીકરણ પાછળ આપણી આંધળી દોટ અને આધુનિક જીવનશૈલી. એક જમાનામાં વણકરોને ખૂબ ઉચ્ચ દરજ્જો પ્રાપ્ત હતો. તેમની કળાને ઉત્તેજન આપતી પરંપરા હતી. પરંતુ આજે પૂરતી 'માંગ'ને અભાવે કારીગરો ભૂખે મરી રહ્યા છે. પારંપારિક કુશળતાને વિસરી તેઓ મજૂર તરીકે અન્યત્ર સ્થળાંતર કરી ગયા છે. તેમની હાલત કફોડી થઈ ગઈ છે. પરંતુ હવે ધીરે ધીરે પરિસ્થિતિ બદલી રહી છે. રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રીય સ્તરે જાણીતા વસ્ત્ર-કળા તજજ્ઞો આપણાં ભવ્ય સાંસ્કૃતિક વારસાનું મૂલ્ય જાણી, તેને ટકાવી રાખવા પ્રયત્નો કરી રહ્યા છે. શૂન્ય ઊર્જા પર નભતો આ ગૃહઉદ્યોગ પૂર્ણપણે પર્યાવરણ-સ્નેહી હોવાથી લોકો ફરીથી હવે નૈસર્ગિક-તાંતણાવાળા વસ્ત્રો પહેરવા માંડ્યા છે. 'ઈરકલ' એ તો માત્ર એક દ્રષ્ટાંત છે અને સફળતાયે મારા જીવનને બદલી નાંખ્યું છે.'' **વિનય નારકર** **- રજૂઆત : મંજુ સાવલા.**

**કાર્ય કરો તો એવી રીતે કરો કે તમે સો વર્ષ**
**જીવવાના છો અને પ્રાર્થના કરો તો**
**એવી રીતે કરો કે કાલે જ તમારું મોત થવાનું છે.**

## સ્વપ્નો હશે, તો

આજે જિંદગીની દોડમાં એવું બને છે કે માણસને એની લક્ષ્યસિદ્ધિ માટે અથાગ પુરુષાર્થ કરવો પડે છે અને એનો એને થાક લાગે છે. પરંતુ થાક લાગવો અને જાણે બધી શક્તિઓ હણાઈ ગઈ છે તેવું માંદલાપણું અનુભવવું એ જુદી વાત છે. આનો અર્થ એ કે આપણે કામથી થાકીએ છીએ, આપણાં સ્વપ્નોથી નહીં. વ્યક્તિ પાસે સ્વપ્ન હોય, તો એ સતત એની પાછળ દોડે છે અને એને સ્વપ્નોનો કદી થાક લાગતો નથી.

જેમણે પોતાના પુરુષાર્થથી આ જગતમાં પરિવર્તન આણ્યું છે એવી વ્યક્તિઓએ એમનાં જીવનમાં સ્વપ્નો સેવ્યાં છે અને એ સ્વપ્નોએ એમનામાં કાર્યશક્તિનું સિંચન કર્યું છે. આને પરિણામે એમને સફળતા મળે કે નિષ્ફળતા મળે, લાભ થાય કે હાનિ થાય, પરંતુ એમની દ્રષ્ટિ તો પોતાનાં સ્વપ્નો પર હોય છે. જો તમે તમારા સ્વપ્નો જીવતાં રાખશો, તો તમે જીવનમાં આવતાં અવરોધોને આસાનીથી પાર કરી શકશો. અવરોધો તો આવવાના જ, પરંતુ આપણા સ્વપ્નો એને સહ્ય બનાવી દેશે. એ અવરોધોને પરિણામે આપણે હારી જઈશું નહીં, થાકી જઈશું નહીં, આપણે તો આપણા સ્વપ્નોની જ વાતો કરતા રહીશું.

વ્યક્તિ જ્યારે એના આદર્શની વાત કરતી હોય છે, ત્યારે એના ચહેરા પર કેવો ઉમંગ ઊછળતો હોય છે! પોતાના સ્વપ્ન સિધ્ધ કરવા માટેના પ્રયત્નોની વાત કરતી હોય છે, ત્યારે એની વાણીમાં કેવું જોશ હોય છે! સત્યાગ્રહ માટે ઝડપભેર જઈ રહેલા મહાત્મા ગાંધીજીની છબી જોતાં તમને સ્વપ્નોની સિધ્ધિ માટેના થનગનાટનો ખ્યાલ આવશે, કેવા ઉત્સાહભેર બાપુ લાકડી માંડીને આગળ વધતા હતા!

અને હા, એક બીજી વાત એ પણ ખરી કે આ સ્વપ્નો તમારી પાસે હશે તો આવનારા અવરોધોને તમે જુદી રીતે જોશો. એ અવરોધો તરફ અણગમો દાખવવાને બદલે તમે એને તમારી સાથે લઈને આગળ ચાલશો. એ સમયે અવરોધો હતાશા, નિરાશા, નિષ્ફળતા કે કામ છોડી દેવાનું કારણ બનવાને બદલે તમારી સ્વપ્નસિધ્ધિ માટેનો એક ભાગ બની રહેશે.

આ અવરોધો પ્રત્યેનો આપણો પ્રત્યાઘાત અતિ તીવ્ર હોય છે. સહેજ અવરોધ આવતાં વ્યક્તિ ગુસ્સો કરે છે અને એના મનમાં ચોવીસે કલાક એ અવરોધની વાત ઘૂમ્યા કરે છે. એનું આખું જીવન એ અવરોધની આસપાસ ફર્યા કરે છે. એ ઘરમાં હોય કે બહાર જાય, એ મિત્રો સાથે હોય કે પત્ની સાથે હોય, એ ફિલ્મમાં હોય કે ફરવા નીકળ્યો હોય, બધે જ એની નજર સામે એ અવરોધ ઘૂમતો હોય છે અને એનું પરિણામ એ આવે છે કે આ અવરોધ વધુને વધુ તીવ્ર, ગાઢ અને ચિત્ત પર પ્રભુત્વ લેનારો બને છે.

આપણે એ વિચારતા નથી કે આપણા સમગ્ર જીવનમાં આવો એકાદ અવરોધ આવવાથી આપણું જીવન કંઈ નષ્ટભ્રષ્ટ થઈ જવાનું નથી, પરંતુ એ સમયે ચિત્તની અતિ વિહ્વળતાને કારણે વ્યક્તિ એને અતિ તીવ્ર રીતે અનુભવે છે. આ અવરોધની તીવ્રતાને ગાળી નાખીએ, તો પરિસ્થિતિ પલટાઈ જશે. આમ, જિંદગી પર પલાંઠી મારીને બેઠેલો થાક, મનમાં સતત પડઘાતી નિષ્ફળતા કે હૃદયમાં આઘાતોથી જાગેલી હતાશાને ઓળંગીને નવાં સ્વપ્નો સર્જીએ.

**- ડૉ. કુમારપાળ દેસાઈ, ગુ.સમાચાર**

## વૈજ્ઞાનિકો-સંશોધકોને સંતોનો દરજ્જો આપીએ

ભારતની એક પણ યુનિવર્સિટી વિશ્વની ટોચની ૨૦૦ યુનિવર્સિટીમાં સ્થાન નથી પામતી. માની લો કે, આ સર્વે એ હદે વિશ્વસનિયના હોય તો પણ ટોચની ૧૦૦ થી ૨૦૦માં એકાદ આઈઆઈએમ કે આઈઆઈટી કોલેજ બહુ તો સ્થાન પામી શકે.

આ ટોચની યુનિવર્સિટીના સ્નાતકો પણ મલ્ટીનેશનલ કંપનીના તગડા પેકેજમાં જ પલળી જાય છે. માઈક્રોસોફ્ટના સત્ય નડેલા કે ગુગલના સુંદર પીચાઈ ટેકનો બ્રેઈન છે પણ ભારતમાં સ્થાયી થઈને તેવી પ્રોડક્ટ નથી આપી શકતા.

ભારતમાં બીબાઢાળ ડીગ્રીઓ અને કારકિર્દી માર્ગદર્શનની પાઘડીનો છેલ્લો વળ તો પેકેજ કેટલું ત્યાં જ આવીને અટકે છે. જેની ડિમાન્ડ તે લાઈન લેવાની, તેવું તો આપણું માનસ છે.

આપણે ત્યાં વિજ્ઞાન અને સંશોધનમાં બાળ વયથી જ પ્રતિભાઓ પડેલી છે. શાળા-કોલેજોમાં વિજ્ઞાન કે ટેકનો ફેસ્ટમાં અવનવા સિધ્ધાંતો લઈને મૌલિક મોડલો મૂકાતા હોય છે. ખરેખર તેનું પેટેન્ટ થઈ શકે તે માટે પ્રો. અનિલ ગુપ્તા જેવા દેશમાં ૧૦૦ મસ્તફકીરો જોઈ, જેઓ ભેખધારી હોય. પેટન્ટને વિશ્વ સ્તરે લઈ જવા જરૂરી સંશોધન માટેનું સંસ્થાઓ જોડે જોડાણ તેમજ તેવી સંશોધન સંસ્થાઓ, યુનિવર્સિટી લેબમાં બજેટ ઠાલવવું જોઈએ. ત્રણ મંદિર દીઠ એક લેબ તો હોવી જોઈએ ને? દાતાઓએ રીસર્ચ માટે થતા દાનને શ્રેષ્ઠ માનવાનો અભિગમ કેળવવાની જરૂર છે.

ઉદાહરણ તરીકે જો કોઈ તરસ્યાને પાણી પીવડાવવું તે પુણ્ય છે. બે માટલા મૂકીને પરબ કરો તો દિવસમાં ૨૫-૫૦ વ્યક્તિની તરસ છીપે. પણ ગામ આખાને પેટાળમાંથી પાણી બહાર ઉલેચી લાવતી બોરની ટેકનિક કે પાણીની રીસાયકલ માટેના પ્રોજેક્ટથી ૫૦૦૦-૧૫૦૦૦ની વસ્તીની પ્યાસ બુઝાય અને કૃષિ શક્ય બને તો તે શોધક, સંશોધક કે સિસ્ટમ અપનાવનાર પૂણ્યનો અધિકારી ના મનાય? એક વડીલ કે કમજોરની નજીક બેસીને કલાક સુધી હાથ પંખો વીંઝો અને અનુકંપા કે પૂણ્ય મનાતું હોય તો એક વિજ્ઞાની તો પંખા, કુલર કે એસીની શોધ કરીને જે કૃપા કરે છે તેમાં તેનું જીવન આવા સંશોધનમાં સોંપી દે છે, તેને સંત પુરૂષ માનીને મનોમન આશીર્વાદ આપ્યા છે ખરા? કોડિયામાં દિવડો પૂરનાર પરમ કૃપાળુ દાતા અને વીજળીની શોધ કરનાર વિજ્ઞાની બે કોડીનો?

બીમારીથી તમને ઉગારનાર ભગવાન... તે ડૉક્ટર પણ ભગવાન.. પણ તેની રસી, દવા, લેબ રીપોર્ટના સાધનો, સર્જરીની ટેકનીકના શોધકોને રજભાર પણ જશ ના મળે?

આપણે વિજ્ઞાનીઓ, સંશોધકોને ઋષિ કે સંતોનો દરજ્જો આપી મનોમન તેઓને નતમસ્તક વંદન કરવા જોઈએ. તેઓની એક જ નિષ્ઠા રહી છે કે કઈ રીતે માનવ જગતને માટે વધુ અનુકૂળ અને પીડામુક્ત વાતાવરણ સર્જવું. આ સંશોધકોની પણ કોઈ સાધક સંત જેવી જ તપશ્ચર્યા હોય છે.

ધર્મ અને તત્વજ્ઞાન-આત્મા સાક્ષાત્કારની બડી બડી વાતો સાંભળવા જનારાઓએ વિજ્ઞાનીઓના પ્રવચનો, પ્રદર્શનોમાં હાજરી આપવી જોઈએ. જો દુનિયાનો માપદંડ ગાડી, બંગલો અને ભૌતિકતા જ હોય તો આ સગવડો પણ વિજ્ઞાનીઓને આપવી જ રહી!

**- સૌ. ગુજરાત સમાચાર.**

## તામિલનાડુમાં પેપ્સી અને કોકા કોલા સામે ઝુંબેશ શરૂ

તામિલનાડુનાં સૌથી મોટાં બે વેપારી અસોસિએશનોએ પોતાના મેમ્બરોને પહેલી માર્ચથી પેપ્સી અને કોકા કોલા ન વેચવાનો નિર્દેશ આપ્યો છે.

જલ્લીકટ્ટુ આંદોલન દરમ્યાન ફીણવાળા પદાર્થોનાં ઉત્પાદનો, જૂસ, બૉટલ્ડ પીણાંઓ, ચિપ્સ અને ઓટ્સ બનાવતી કંપનીઓ સામે લોકોએ પોતાનો ભારેલો ગુસ્સો બહાર કાઢ્યો હતો. જલ્લીકટ્ટુના પ્રતિબંધનો વિરોધ કરનારા લોકોએ આ ઠંડાં પીણાંઓ ઢોળી નાખ્યાં હતાં અને એમનો વપરાશ ન કરવાના શપથ લીધા હતા.

તામિલનાડુ વનીગર સંગમના પ્રમુખ વિક્રમ રાજાએ મંગળવારે રાત્રે વિલ્લુપુરમમાં કહ્યું હતું કે 'અમારી સંસ્થામાં ૧૫ લાખથી વધુ સભ્યો છે. અમે અમારા તમામ સભ્યોને પેપ્સી અથવા કોકા કોલા ન વેચવાની સલાહ આપી છે.'

વિક્રમ રાજાની આ ટિપ્પણીથી સૉફ્ટ ડ્રિન્ક્સ બનાવતી બહુરાષ્ટ્રીય કંપનીઓમાં ખળભળાટ મચી ગયો છે.

રાજ્યના ખેડૂતો પાણીની અછત અનુભવી રહ્યા છે ત્યારે સૉફ્ટ ડ્રિન્ક્સના ઉત્પાદનમાં પાણી વેડફાઈ રહ્યું છે એમ આ યુવકોનું માનવું છે. આ વખતે વાવણીની મોસમમાં ઘણા ખેડૂતોએ આત્મહત્યા કરી છે.

વેપારી સંસ્થાના નેતાઓ ભાર દઈને કહે છે કે આ સૉફ્ટ ડ્રિન્ક્સ પર પ્રતિબંધ નથી, પરંતુ અમે અમારા સભ્યોને આ બે મલ્ટિનૅશનલ કંપનીઓનાં ઉત્પાદનો ન વેચવાની અપીલ કરી છે. **મીડ ડે-૨૮.૧.૧૭**

**નોંધ:** ૧ માર્ચથી આ ઝુંબેશ શરૂ થઈ ગઈ છે આ ઝુંબેશને હિસાબે મદુરાઈમાં કોક અને પેપ્સીનું વેચાણ ૬૦ થી ૭૦ ટક્કા ઘટી ગયું છે. તીરૂવનમલાઈમાં ૫૦૦ બૉક્સના બદલે હવે ૨૦૦ બોક્સનું વેચાણ થાય છે. ચેન્નઈના બીજા શહેરોમાં પણ આવી જ અસર છે આ ને હિસાબે લોકલ બ્રાન્ડ જેવી કે બોવંટો, કિસ્સો, ત્રિપલ સેવન કોલા, લવ-યુ, ટોરીનો જેવી બીજી લોકલ ઠંડા પીણાંનું વેચાણ ખુબ વધી ગયું છે. વ્યાપારીઓ ડિમાંડ પ્રમાણે માલ સપ્લાય કરી શકતા નથી એટલી બધી આ ઝુંબેશની અસર છે. દરેક ભારતીયને આ ઉદાહરણ લેવા જેવું છે.

## કૂંપળ (લઘુકથા)

બંનેના મેડિકલ રિપૉર્ટ નૉર્મલ હતા છતાં સારા દિવસોનાં કોઈ એંધાણ વર્તાતાં નહોતાં. લગ્નજીવનને આજકાલ કરતાં આઠ વર્ષ પૂરાં થયાં. અલબત્ત શરૂઆતનાં પાંચેક વર્ષ તો હરવાફરવા, મોજશોખ અને ફિગર મેન્ટેન રાખવામાં પસાર થયાં. પછી બાળકની ઝંખના જાગી. પરિણામ ન મળતાં મન મૂંઝાણું.

મેડિકલ સારવાર સાથે પથ્થર એટલા દેવ, બાધા-માનતા-દોરા-ધાગા-જેણે જે ચીંધ્યું એ બધું જ કર્યું. એક ઢળતી સાંજે દીપિકા ડ્રૉઈંગરૂમમાં બેઠી હતી. નોકરબાઈ કિચનમાં સાંજની રસોઈ બનાવી રહી હતી. પતિ સિદ્ધાર્થને આવવાને હજુ વાર હતી. લગ્નજીવનનાં આઠ વર્ષની ધૂળ ખંખેરવાનો એ પ્રયત્ન કરી રહી. તેને ઝમકુ યાદ આવી. ઝમકુ સાતેક વર્ષ પહેલાં આ જ બંગલામાં કામ કરતી હતી. દીપિકા સ્વચ્છતાની આગ્રહી હતી. એક દિવસ તેણે ઝમકુને કામસબબ ખખડાવેલી. પછીના દિવસે એ કામ પર ન આવી, અને પછી દેખાણી જ નહીં. ઝમકુ ગર્ભવતી હતી. તેને ખિજાવાની જરૂર નહોતી, એ કેમ પાછી ન આવી?

રાત્રે સૂતાં પહેલાં તેણે કેટલાક નવા સંકલ્પો વિચાર્યા. બીજા દિવસની સવાર તેના મૉડર્ન 'લાઈફ સ્ટાઈલ' ના બદલાવ સાથેની ઊગી હતી. જીન્સનું પેન્ટ અને શર્ટની જગ્યાએ દીપિકા આજે સાડીમાં શોભતી હતી. પતિ ઑફિસે જવા રવાના થયા બાદ જરૂરિયાતમંદ ગરીબ ગર્ભવતી સ્ત્રીઓને આર્થિક મદદ કરવા એ સરકારી હૉસ્પિટલે પહોંચી. બીજા દિવસે નજીકની ઝૂંપડપટ્ટીમાં જઈ બાળકો માટે પૌષ્ટિક નાસ્તો અને નવાં કપડાંનું વિતરણ કર્યું.

''હૃદયથી ભજવાથી ભક્તોને ભગવાન પણ મળ્યા છે, તો મને આ મહાનગરમાં ઝમકુ ના મળે?'' તેણે પોતાની જાતને કહ્યું. અને થોડા દિવસોની રખડપટ્ટી પછી તેણે ઝમકુને પણ શોધી કાઢી. ઝમકુ અને તેના દીકરાને જોઈને તેનો ચહેરો ખીલી ઊઠ્યો. શહેરના દૂરના વિસ્તારમાં ચીંથરેહાલ કપડાંમાં રમતા ઝમકુના દીકરાને તે ભેટી પડી અને ચૂમીઓથી ભીંજવી દીધો. તેનાં અંગેઅંગમાં વાત્સલ્યની જાણે કૂંપળો ફૂટી હતી!

એક દિવસ સવારે ઑફિસે જતાં પહેલાં સિદ્ધાર્થ 'મેડિકલ ચેક અપ' માટે જવાનું દીપિકાને યાદ કરાવ્યું. ''તમે નિશ્ચિંત રહો. હવે બહુ રાહ જોવી નહીં પડે.'' ગજબના આત્મવિશ્વાસ સાથે દીપિકાએ સિદ્ધાર્થને કહ્યું હતું. **- ધર્મેન્દ્રસિંહ રાઠોડ (૬૮/૧૦૩, રેસકોર્સ પાર્ક, એરપૉર્ટ રોડ, રાજકોટ)**

## પ્રથમ સગો (લઘુકથા)

જાયદાદના ભાગલા પાડતી વખતે બે ભાઈઓ અરવિંદ અને ગોવિંદ વચ્ચે પડેલી તિરાડ દિનપ્રતિદિન પહોળી થતી ગઈ! સંબંધોમાં એવી કડવાશ પેઠી કે રસ્તે મળતાં, સામે જોવાનું પણ ટાળતા હતા.

એક દિવસે પગથિયું ચૂકી જતાં અરવિંદ પટકાઈ પડ્યો. અલકાબેનની બૂમો સાંભળી, મકરંદભાઈ અને આજુબાજુવાળા એકઠા થઈ ગયા.

અરવિંદને બેભાન જોઈ મકરંદભાઈએ કહ્યું, ''ચાલો, મોડું કર્યા વિના હોસ્પિટલમાં''.

''ઉભા રહો, હું રીક્ષા લઈ આવું.'' કોઈએ સૂચવ્યું.

''ના... એમાં વાર લાગશે, મારી ગાડી છે ને! હું લઈ આવ છું.'' મકરંદભાઈએ કહ્યું.

અરવિંદને હોસ્પિટલમાં દાખલ કર્યો. મકરંદભાઈ ખડે પગે મદદમાં તૈયાર હતા. ડૉક્ટરની ચિઠ્ઠી પ્રમાણે સ્ટોરમાંથી દવાઓ પણ લઈ આવ્યા.

અલકાબેનનો ચિંતાતુર ચહેરો જોઈને મકરંદભાઈએ કહ્યું; ''જરાય ચિંતા ન કરશો, હમણાં સારું થઈ જશે. જુઓ, હું તમારી સાથે જ છું. ઓફિસે પણ મેં રજા મૂકી દીધી છે...... અને પૈસા બાબતે તો ફિકર જ ના કરતા, હું સગવડ કરીને જ આવ્યો છું.''

આ સાંભળી અલકાબેનના ચહેરા પર થોડી ચમક આવી.

અરવિંદભાઈના ખાટલાની બાજુમાં મુકેશભાઈનો ખાટલો હતો. મુકેશભાઈ આ હલચલ નિહાળી રહ્યા હતા. મકરંદભાઈને સેવા-ચાકરીમાં લાગેલા જોઈને તેમણે સવાલ કર્યો; ''તમારો નાનો ભાઈ છે?'' ''મારો નાનો ભાઈ જ સમજોને! મારો પડોશી છે!''

**- આબિદ ભટ્ટ, પોલીગ્રાઉન્ડ, હિંમતનગર-૩૮૩૦૦૧.**

## લીડરનો આત્મવિશ્વાસ

સામાન્ય માન્યતા પ્રમાણે માણસનું વર્તન સંજોગો આધારિત હોય છે. જો સંજોગો વિપરીત હોય તો પ્રતિભાશાળી વ્યક્તિ પણ નિષ્ફળ જાય છે. આ માન્યતાની સામે મહાન યોદ્ધા નેપોલિયનનું આ કથન ભરપૂર આત્મવિશ્વાસ દર્શાવે છે. તદ્દન ગરીબીમાં ઉછરેલો નેપોલિયન એક સમયે પૂરા યુરોપ ઉપર ધાક જમાવી ચૂક્યો હતો. નેપોલિયનનું જ એક પ્રખ્યાત વાક્ય છે, મારા શબ્દકોષમાં અસંભવ શબ્દ નથી. આ પ્રકારનો આત્મવિશ્વાસ સેનાપતિઓમાં વધારે જોવા મળતો હોય છે, જેનો હેતુ સૈનિકોનો ઉત્સાહ કાયમ રાખવો.

વિશ્વ ઈતિહાસમાં દરેક પ્રમુખ સેનાપતિએ આ પ્રકારના નિવેદનો કર્યા છે અને ઘણાં એમાં મહદંશે સફળ પણ થયા છે. 'લો ઓફ એટ્રેક્શન'નો સિદ્ધાંત છે. આપણે જેવું વિચારીએ છીએ તેવું પામીએ છીએ. જો વિચારોને અનુરૂપ પ્રયાસ ન કરાય તો એ માત્ર દિવાસ્વપ્ન બનીને રહી જાય છે. રણમેદાન હોય કે અન્ય ક્ષેત્ર, દરેક લીડરમાં આત્મવિશ્વાસ હોવો જરૂરી છે. તે વિના એ બીજાને પ્રેરણા નથી આપી શકતો. પ્રાચીન ગ્રીસમાં સિકંદરના પિતા ફિલિપે લીડરશિપના સિદ્ધાંતને એક દ્રષ્ટાંત આપી આ રીતે સમજાવ્યો છે. જો સિંહોનાં ટોળાનું ઉપરી ઘેટું હોય તો એનાથી ડરવું નહીં, પણ જો ઘેટાંઓનાં ટોળાનું નેતૃત્વ સિંહના હાથમાં હોય તો એની સામે લડવું નહીં. કાબેલ નેતૃત્વ કેટલી હદ સુધી પૂરાં સૈન્યનું જોમ બદલી શકે છે તેનું આ ઉદાહરણ છે.

નસીબની પરવા કર્યા વિના જે પોતાની યોજનામાં વિશ્વાસ રાખી પ્રયાસ ચાલુ રાખી હાર નથી માનતા તે સફળ થયાના અનેક દાખલાઓ છે. આવા લોકો વિપરીત સંજોગોને પણ પોતાની તરફેણમાં બદલી નાખતા હોય છે. નેપોલિયનનું જ એક બીજું કથન છે, - હું દરેક નવું કામ આરંભ કરતા પહેલાં એ માનીને જ ચાલુ છું કે નસીબ મારી સાથે નથી. જે વ્યક્તિ નસીબ પર વધારે આધાર રાખે છે તે જોખમ નથી લઈ શકતી. ઉર્દૂના પ્રમુખ શાયર ઈકબાલનો એક જાણીતો શેર છે, 'ખુદી કો કર બુલંદ ઈતના કિ હર તકદીર સે પહલે, ખુદા બંદે સે ખુદ પૂછે બતા તેરી રઝા ક્યા હૈ.' એવો આત્મવિશ્વાસ રાખ કે તારું નસીબ લખતા પહેલાં ખુદા તારી મંજૂરી લઈ લે. અર્થાત્ તારા ભવિષ્યની આગાહી તું પોતે જ કરી શકે. જીવનમાં ઘણી વાર આપણી પોતાની પસંદગી જ આપણું ભવિષ્ય નક્કી કરે છે. મળેલી તકનો લાભ ન લેનારના જીવનની ગતિ બદલાઈ જતી હોય છે. ધ્યેય સ્પષ્ટ હોય અને એમાં વિશ્વાસ હોય તો એને અનુરૂપ સંજોગો ઊભા થઈ શકે છે. આત્મવિશ્વાસ અને અહંકાર વચ્ચેની ભેદરેખા બહુ પાતળી હોય છે. આ રેખા ન ઓળંગાય તે જરૂરી છે. - **દિવ્ય ભાસ્કર.**

## મનઝરૂખો...

માનવતાવાદી પ્રમુખ અબ્રાહમ લિંકન દુ:ખી માનવીઓ અને પીડિત પશુપક્ષીઓ પ્રત્યે અપાર અનુકંપા ધરાવતા હતા. જીવનના પ્રારંભકાળે તેઓ ઈન્ડિયાનામાં વસતા હતા. એકવાર રાતને સમયે પોતાના મિત્રોની સાથે બહારગામથી પાછા ફરી રહ્યા હતા. કારમી ઠંડીના એ દિવસો હતા. ઘનઘોર રાત હતી અને એવામાં અબ્રાહમ લિંકને પોતાના પડોશીનો ઘોડો જોયો. એમનો આ પડોશી કજિયાખોર અને દારૂડિયો હતો. દારૂના નશામાં એ રસ્તા પર આમતેમ ભટકતો હતો.

અબ્રાહમ લિંકને જોયું તો ઘોડા પર એ પડોશી નહોતો એટલે એમને લાગ્યું કે જરૂર એ પડોશી દારૂના નશામાં ભાન ભૂલીને ઘોડા પરથી ક્યાંક પડી ગયો હશે. આ ઝઘડાખોર અને તોફાની માનવીને સહુ કોઈ નફરત કરતા હતા, ત્યારે અબ્રાહમ લિંકને કડકડતી ઠંડી ધરાવતી રાતમાં પોતાના સાથી મિત્રને કહ્યું, 'અરે, મારો પડોશી આ ઘોડા પરથી ક્યાંક પડી ગયો લાગે છે. ચાલ એને શોધી કાઢીએ.'

અબ્રાહમ લિંકનના સૂચનનો અસ્વીકાર કરતાં મિત્રએ કહ્યું, 'હવે જવા દે ને એની વાત, એવાને માટે આવી અસહ્ય કારમી ઠંડીમાં શોધ કરવાની ન હોય. એના નસીબમાં જે હોય, તે થશે.'

અબ્રાહમ લિંકને કહ્યું, 'એ દારૂડિયો છે અને કજિયાખોર છે એ વાત સાચી. પણ તેથી શું? આ અસહ્ય ઠંડીમાં એ બિચારો ક્યાંક ઠરીને મરી જશે તો શું થશે?'

અને રાત્રે લિંકન અને એનો સાથી દારૂડિયાને શોધવા નીકળ્યા, ત્યારે દૂર એક જગાએ પેલો દારૂડિયો બેભાન થઈને પડ્યો હતો. એના શરીર પર ઈજા થઈ હતી. લિંકને જોયું તો આજુબાજુ કોઈ ઘર નહોતું. કરવું શું? દારૂડિયાને ખભે ઊંચકીને એ ચાલવા લાગ્યો અને રસ્તામાં આવેલા એક ઝૂંપડામાં લઈ જઈને એની સારવાર કરવા લાગ્યો.

લિંકને જોયું કે આ ઝૂંપડામાં દારૂડિયાને એકલો રહેવા દેવાય તેમ નથી. એની સેવાચાકરીમાં કોઈક તો જોઈએ જ. આથી લિંકને પોતાના મિત્ર મારફતે ઘેર કહેવડાવી દીધું કે એ આજે રાત્રે ઘેર આવશે નહીં. આખી રાત ઊજાગરો કરીને એણે એ કજિયાખોર દારૂડિયા પડોશીની સેવાસુશ્રૂષા કરી. - **ડૉ.કુમારપાળ દેસાઈ.**

## ઈશ્વર પાસે એક જ આદર્શ છે ''પુલ''

જે.પી. વાસવાણીજીએ એક બાળકના સરસ મજાનો કિસ્સો ટાંક્યો છે. એ બાળક પોતાની દાદીને મળવા ગયો. આમ સ્વભાવે એ ચંચળ અને સહેજ મસ્તીખોર, પણ દાદીને મળતાં પહેલાં એણે દાદીના ઘરમાં ભીંત પર લટકતું ભગવાન વિષ્ણુનું મોટું ચિત્ર જોયું, જેની નીચે લખેલું હતું. 'ઈશ્વર તમને જોઈ રહ્યો છે.' આ ચિત્ર જોઈ પેલો બાળક પોતાના સ્વભાવની વિરુધ્ધ શાન્ત અને ડાહ્યોડમરો થઈને દાદીમા પાસે બેઠો. દાદી તેના સ્વભાવથી વાકેફ હતાં. એમણે પૂછ્યું: 'બેટા, શી વાત છે? આજે તું આટલો બધો શાન્ત કેમ છે?'

બાળકે કહ્યું: 'મને લાગે છે મારે અહીં સદ્‌વર્તન કરવું જોઈએ, કારણ કે ઈશ્વર મને જોઈ રહ્યો છે. હું તોફાન કરું તો મને સજા કરે.'

દાદીમા તેની વાત સાંભળી હસી પડ્યાં, 'ના, દીકરા, એવું નથી ઈશ્વર તને જોઈ રહ્યો છે, કારણ કે તે તને એટલું બધુ ચાહે છે કે એમની આંખ તારા પરથી ખસતી નથી.'

લેખક કહે છે, ખરેખર તો ઈશ્વર આપણને બધાંને એટલું બધું ચાહે છે કે આપણને જોયા વગર એ રહી શકતો નથી!

ઈશ્વર પાસે એક જ આદર્શ છે- 'પુલ' એટલે કે ખેંચવાનો, તેને પોતાના પ્રત્યે આકર્ષવાનો, ગમે તેવા દુષ્ટને પણ એ ધક્કો મારવા તૈયાર નથી! તે બધું તટસ્થતાપૂર્વક નિહાળી રહ્યો છે કારણ કે માણસ આખરે તો તેનું જ સંતાન છે ને!

ક્યાં 'પુલ' કરવું ને ક્યાં 'પુશ' કરવું એ બાબતે યાદ રાખવા જેવી પાંચ બાબતો કઈ?

**અનુસંધાન પાના નં.૧૧ પર**

# પાંચ વાતો

**પાંચ વાતો, જે કલામના જીવનમાંથી શીખી શકાય :**

- જ્ઞાનની પાછળ દોડો: કલામ કહેતા હતા જ્ઞાન સફળતાનો આધાર છે. જીવનમાં લક જેવું કાંઈ જ હોતું નથી. બધું જ મહેનતથી છે. વ્યક્તિ સફળતાની પાછળ ભાગે છે, પરંતુ તેણે જ્ઞાનની પાછળ ભાગવું જોઈએ સફળતા આપમેળે મળી જશે.
- નાનો ગોલ ગુનો : વ્યક્તિનાં આગળ વધવામાં સ્વપ્ન સૌથી મદદગાર હોય છે. સંશોધનમાં પણ વિચાર્યું કે એવું કેમ થાય છે. મોટા સપનાં જુઓ, નાના સપના જોવા ગુનો છે. એડિસન હોય કે ન્યૂટન, આઈન્સ્ટાઈન હોય કે રાઈટ બધાએ મોટા સપના જોયા.
- માત્ર કામ જ કરતા રહો : કલામ જ્યારે મદ્રાસ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજીમાં ભણતા હતા ત્યારે તેમના એરક્રાફ્ટ ડિઝાઈનને પ્રોફેસરોએ રિજેક્ટ કરી દીધી. ત્રણ દિવસમાં નવી ડિઝાઈન બનાવવાનું કહ્યું. નહીં તો સ્કોલરશીપ અટકી જશે. કલામે આખી રાત કામ કરી બે દિવસમાં ડિઝાઈન બનાવી.
- નવા આઈડિયાનો દુ:સાહસ બતાવો: તેઓ કહેતા કે અલગ રીતે વિચારવાનો દુ:સાહસ કરો. આવિષ્કારનો સાહસ કરો. હંમેશા અસંભવને શોધો, સાહસ કરો અને જીતો.
- ભ્રષ્ટાચાર ઘરમાંથી જ ખતમ કરો: કલામ ૨૦૨૦ સુધી ભારતને ભ્રષ્ટાચારમુક્ત રાષ્ટ્ર બનાવવા માગતા હતા. બાળકોને કહેતા કે ભ્રષ્ટાચારને ખતમ કરવા પોતાના ઘરથી શરૂઆત કરો.

**વીજળી ડૂલ થઈ તો માઈક વિના જ વિદ્યાર્થીઓ વચ્ચે ભાષણ આપ્યું :**

વર્ષ ૨૦૦૨ માં કલામનું નામ આગામી રાષ્ટ્રપતિ તરીકે નક્કી થઈ ચૂક્યું હતું ત્યારની વાત છે. કલામ કોઈ જ વીઆઈપી બંદોબસ્ત વિના એક સ્કૂલના કાર્યક્રમમાં ગયા હતા.

આયોજકોએ તેમને વિદ્યાર્થીઓને સંબોધવા વિનંતી કરી, જેને સ્વીકારીને કલામ ભાષણ આપવા ઊભા થયા ત્યાં જ વીજળી ડૂલ થઈ ગઈ. તેના કારણે મૂંઝાયેલા આયોજકો હજુ તો કંઈ વિચારે તે પહેલા કલામે વિદ્યાર્થીઓની વચ્ચે પહોંચીને માઈક વિના જ ભાષણ આપ્યું અને વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબ પણ આપ્યા.

**ગુલઝારના શબ્દોમાં કલામ...., હું એક ઊંડો કૂવો છું આ ધરતી પર :**

હું એક ઊંડો કૂવો છું આ ધરતી પર. અસંખ્ય છોકરા-છોકરીઓ માટે. તેમની તરસ છીપાવતો રહું. તેની અપરંપાર કૃપા એ જ રીતે કણકણ પર વરસે છે, જેમ કૂવો બધાની તરસ છીપાવે છે. આટલી જ મારી કહાની છે. આશિઅમ્માના પુત્રની કહાની. એ છોકરાની કહાની જે અખબાર વેચીને ભાઈની મદદ કરતો હતો. એ શિષ્યની કહાની, જેનો ઉછેર શિવસુબ્રમણયમ ઐય્યર અને અય્યા દોરાઈ સોલોમને કર્યો. એ વિદ્યાર્થીની કહાની, જેને એમ.જી.કે. મેનન અને પ્રોફેસર સારાભાઈએ એન્જિનિયરની ઓળખ આપી. જે નિષ્ફળતાઓ અને મુશ્કેલીઓમાં ઉછરીને વિજ્ઞાની બન્યો. મારી કહાની મારી સાથે ખતમ થઈ જશે, કારણ કે મારી પાસે કોઈ મૂડી નથી. મેં કશું જ હાંસલ કર્યું નથી.... જમા નથી કર્યું. મારી પાસે કશું નથી...... અન્ય કોઈ નહીં - ન પુત્ર, ન પુત્રી, ન પરિવાર. હું અન્ય લોકો માટે ઉદાહરણ બનવા માગતો નથી, પરંતુ કદાચ કેટલાક ભણનારાઓને પ્રેરણા મળે કે અંતિમ સુખ આત્મા અને આત્માને રાહત છે, ખુદાની રહેમત તેમનો વારસો છે. મારા પરદાદા અવુલ, દાદા પકીર, મારા પિતા જૈનુલઆબેદીનનો ખાનદાની સિલસિલો અબ્દુલ કલામ પર ખતમ થઈ જશે, પરંતુ ખુદાની રહેમત ક્યારેય ખતમ થશે નહીં.

સામર્થ્ય આવે છે અંતરમાંથી અને એ વ્યક્તિના જીવનકાર્યને આગળ ધપાવે છે. અશક્તિની સમજ મનમાં રહેલી છે. પવિત્રતાનો પ્રકાશ પામેલા મનવાળો નાગરિક મૂલ્યવાન હોય છે, ભલેને પછી શારીરિક અશક્તિ ધરાવતો હોય. ભિન્ન રીતે પડકાર ધરાવનારના જીવનને એનામાં અજેય આત્મબળ જન્માવીને સમૃદ્ધ કરી શકાય.

**– 'અદમ્ય આત્મબળ' માંથી, અનુ. ધીરૂભાઈ દોશી.**

# લવાજમ મળેલ છે.

| | | |
|---|---|---|
| ૧. સર્વોદય આશ્રમ | - માઢી | ૧૦૦/- |
| ૨. શિવશક્તિ ગૌશાળા | - રણશીપુર | ૧૦૦/- |
| ૩. હરીશભાઈ શાસ્રીજી | - મલાડ | ૧૦૦/- |
| ૪. દિલીપભાઈ દવે | - મલાડ | ૧૦૦/- |
| ૫. જીતેન્દ્ર મોદી | - પદમપુર | ૧૦૦/- |
| ૬. શાંતીલાલ ગઢીયા | - વડોદરા | ૧૦૦/- |
| ૭. સુરેશ ગાલા | - દહીંસર | ૨૬૦/- |
| ૮. માનવક્રાંતિ ટ્રસ્ટ | - રાજકોટ | ૧૦૦/- |

**<u>નોંધ:</u> આપનું લવાજમ રમેશ એસ. દોશી, બેંક ઓફ ઈંડીયા, મલાડ, મુંબઈ બ્રાંચ, ખાતા નંબર 003110100021366 માં ભરવા વિનંતી.**
**Bank Code : IFSC BKID 0000031**

## રાગ : હે માલિક તેરે બંદે હમ...

**હે કરુણાસાગર શ્રીરામ, મારી જીભે ચડ્યું તારું નામ**
**તારી ભક્તિ કરું, ભવસાગર તરું,**
**કદી હારુના હૈયાની હામ...... હે કરૂણા સાગર શ્રીરામ.**
**ભલે વિપદના વાદળ ચડે, મારો નિશ્ચય કદી ના ફરે**
**સાંધી તનમનનો તાલ, કરું તુજને પુકાર,**
**મારા જીવનનો ફેરો ટળે,**
**છોડી દુનિયાની માયા તમામ, મને મળ્યું છે કરવાનું કામ,**
**તારી ભક્તિ કરું, ભવસાગર તરું,**
**કદી હારુના હૈયાની હામ...... હે કરૂણા સાગર શ્રીરામ.**
**તારી સેવાનું સુખ જો મળે, મારી લાખો ઉપાધિ ટળે,**
**માંગુ સંતોનો સંગ, લાગે ભક્તિનો રંગ,**
**મારી આંખોથી આંસુ ઝરે,**
**ભક્તિ માગે છે દર્શનના દાન, તારા ચરણોમાં છે ચારેધામ**
**તારી ભક્તિ કરું, ભવસાગર તરું.**
**કદી હારુના હૈયાની હામ...... હે કરૂણા સાગર શ્રીરામ.**

**સૌ. રમેશભાઈ બારોટ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.**

**પડે ન સ્હેજે ખુદને ડાઘો, એમ જગતને અડે,**
**દુર્લભ એ દરવેશ કે જેનાં કાળ સાચવે પગલાં.**
**- રમેશ પારેખ**

## જસ્ટ, એક મિનિટ...

એક ગણિતશાસ્ત્રીએ શૂન્યથી નવ સુધીના અંકોની મીટિંગ બોલાવી. એમાં શૂન્ય ક્યાંય દેખાય નહીં. શોધખોળને અંતે એ એક ઝાડી પાછળ છુપાયેલો ત્યાંથી મળી આવ્યો.

ગણિતશાસ્ત્રીએ પૂછ્યું: 'તું શા માટે છુપાઈ ગયો હતો?'

શૂન્ય કહે: 'સર, હું તો શૂન્ય છું. મારું કંઈ મૂલ્ય નથી આથી અસ્વસ્થ થઈને ઝાડી પાછળ છુપાઈ ગયો હતો.'

થોડું વિચારીને ગણિતશાસ્ત્રીએ એકના અંકને બોલાવીને પછી જૂથને ઉદ્દેશીને એણે પૂછ્યું: 'આનું મૂલ્ય શું છે?'

બધા અંકો કહે: 'એક.'

એ પછી એકના અંકની બાજુમાં શૂન્યના અંકને ઊભો રાખીને પૂછ્યું: 'આ સંખ્યાનું મૂલ્ય શું છે?'

બધા અંક કહે: 'દસ.'

એ પછી એકના અંકની બાજુમાં ગણિતશાસ્ત્રીએ એક પછી એક વધુ શૂન્ય ઉમેરતાં જતાં એનું મૂલ્ય એકમાંથી દસ, પછી સો, હજાર, દસ હજાર, લાખ-એમ વધતું જ ગયું!

ગણિતશાસ્ત્રી કહે: 'શૂન્ય, મારા દોસ્ત-તેં જોયું કે એકના અંકનું એવું કોઈ મોટું મૂલ્ય નથી. જો કે એની બાજુમાં તું ગોઠવાઈ જા એટલે એનું મૂલ્ય વધીને દસ, સો, હજાર, દસ હજાર અને એનાથીય વધી જાય! દરેકનું પોતાનું આગવું મૂલ્ય હોય છે. તમે માત્ર તમારો ભાગ ભજવો ને તમે આપમેળે મૂલ્યવાન બની જાઓ છો.'

સારાંશ એ કે શક્ય એટલી ઉત્તમ રીતે તમે તમારી ભૂમિકા પાર પાડો તો કશુંક મૂલ્યવાન અને સાર્થક પરિણામ પ્રાપ્ત થાય. ઉપરાંત, અન્ય સાથે સહયોગ અને સહકાર સાધો તો એનાથી દરેકનાં મૂલ્યમાં પરિણામ આપવાની ક્ષમતામાં વધારો થાય છે.

*નો વન ઈઝ ઝીરો, એવરી વન ઈઝ હીરો.* - **રાજુ અંધારિયા**

**અનુસંધાન પાના નં.૯ પરથી ચાલુ...**

૧. ઈશ્વર બધું જ જોતો હોય છે અને સાંભળતો હોય છે એમ માની સદ્વર્તન અને વાણીની મીઠાશ સદાય દાખવવી.

૨. ક્યાં 'પુલ' કરવું એટલે કે 'ખેંચવું' અને ક્યાં 'પુશ' કરવું એટલે કે ધકેલી કાઢી નાખવું એટલો વિવેક આપણું અંતઃકરણ જાણે છે અને ખોટું કરતાં ચેતવે છે.

૩. ઈશ્વર માણસને જુએ છે એ માન્યતા આપણને ઈશ્વર હરખાય તેવી ભાવના સેવવા પ્રેરિત કરે છે.

૪. જીવનમાં સુખી થવું હોય તો ક્ષમા દ્વારા નકામી વસ્તુઓને દિમાગવટો આપો.

૫. અહંકારને ધક્કાનું સાધન બનાવશો તો અહંકાર જ તમને ધક્કે ચઢાવશે. - **ચિનગારી- ગુજરાત સમાચાર ''શશિન''**

**ટિપાય તો મૃણમય ઘાટ થૈ શકે,**
**દટાય તો વૃક્ષ, બીનું બની શકે,**
**સૂકાય તો બિંદુ નભે ચડી શકે,**
**સમર્પણે માનવી દેવ થૈ શકે.**
**- રમણલાલ સોની**

## ગોરક્ષા પાત્ર ની માલિકી તથા માહિતી અંગેનું નિવેદન

**ફોર્મ-૪ (જુઓ નિયમ-૮)**

**ગોરક્ષા પાત્ર**

| | | |
|---|---|---|
| ૧. | પ્રસિદ્ધિ સ્થાન | : બી/૬૦૧, નંદનવન કો.ઓ.હા.સો.લિ. નરસિંગ લેન, ડી.એસ. નગર, મલાડ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૬૪. |
| ૨. | પ્રસિદ્ધિનો ગાળો | : માસિક. દર ૫ કે ૬ તારીખે |
| ૩. | મુદ્રકનું નામ | : રમેશ એસ. દોશી |
| | રાષ્ટ્રીયતા | : ભારતીય |
| | સરનામુ | : બી/૬૦૧, નંદનવન કો.ઓ.હા.સો.લિ. નરસિંગ લેન, ડી.એસ. નગર, મલાડ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૬૪. |
| ૪. | મુદ્રણ સ્થાન | : ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ, અંધેરી (ઈ) મુંબઈ - ૪૦૦ ૦૬૯. |
| ૫. | તંત્રીનું નામ | : રમેશ એસ. દોશી |
| | રાષ્ટ્રીયતા | : ભારતીય |
| | સરનામુ | : બી/૬૦૧, નંદનવન કો.ઓ.હા.સો.લિ. નરસિંગ લેન, ડી.એસ. નગર, મલાડ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૬૪. |
| ૬. | માસિકના માલિકનુ | : રમેશ એસ. દોશી |
| | નામ તથા સરનામુ | : બી/૬૦૧, નંદનવન કો.ઓ.હા.સો.લિ. નરસિંગ લેન, ડી.એસ. નગર, મલાડ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૬૪. |

**ગોરક્ષા પાત્ર વતી હું, રમેશ એસ. દોશી આથી જાણ કરું છું કે ઉપર જણાવવામાં આવેલી હકીકતો મારી સમજ અને માન્યતા મુજબ સાચી છે.**

**તા.૦૧.૦૪.૨૦૧૭** **રમેશ એસ. દોશી**
**(પ્રકાશકની સહી)**

**અનુસંધાન પાના નં.૧૨ પરથી ચાલુ...**

એના પિતાએ સહમતીમાં માથુ હલાવી કહ્યું, ''એ વાત તો તારી સાચી. પરંતુ મારે તારૂ ધ્યાન એક બીજી વાત તરફ દોરવુ હતું. જુના કપડા જે નિર્જીવ છે અને જેની બજારૂ કિંમત ફક્ત એક ડૉલર હોય એનુ પણ મુલ્ય વધારી શકાય તો આપણે જીવતા જાગતા અને વિચારશીલ માણસોનું કેમ નહિ? આપણે કાળા છીએ, ગરીબ છીએ, પણ શું આપણુ મુલ્ય ઉંચા સ્તરે નહિ લઈ જઈ શકીએ?''

આ વિચાર માઈકલને સ્પર્શી ગયો. જો લોકો જુના કપડાને પણ માનથી જોઈ શકે તો મને કેમ નહિ? મારે મારી જાતને મુલ્યહીન અને હીન સમજવાનું કંઈ કારણ નથી.

તે દિવસથી માઈકલને પોતાનુ ઉજ્વલ ભવિષ્ય સાકાર થવાની આશા જાગી.

આગળ જતાં એ વિશ્વમાં બાસ્કેટબૉલનો સર્વોત્તમ ખિલાડી બન્યો. - **ટીના સંપ્રતિ ગડા (ઈન્ટરનેટ પરથી)**

**સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો**
**... શ્રીમદ્ રાજચંદ્ર**

# જુનાં વસ્ત્રો

આ એક પ્રેરક સત્ય ઘટના છે......

માઈકલ જોર્ડનનો જન્મ ૧૯૬૩ની સાલમાં ન્યૂયૉર્કના બ્રૂકલીન પરાની ઝોપડપટ્ટીમાં થયો હતો. એના ચાર ભાઈબેનો હતા. અને તેના પિતાની કમાણી પરિવારને પોષવામાં અપૂરતી હતી. એનો ઉછેર ગરીબ વસ્તીમાં થયો જ્યાં બેકારી, મારામારી, દાદાગીરી અને ભેદભાવનો માહોલ સતત વર્તાયા કરતો હતો. આવી પરિસ્થિતિમાં માઈકલને પોતાનુ ભવિષ્ય અંધારૂ લાગતું હતું.

એના પિતાએ માઈકલની નિરાશા પારખી લીધી અને તેને દુર કરવાનો નિર્ણય લીધો. ૧૩ વર્ષના જુવાન માઈકલને એણે જુના કપડા બતાડી પુછ્યું, ''માઈકલ, આ વસ્ત્રોની કિંમત શું હોઈ શકે ?''

માઈકલે જવાબ આપ્યો, ''આશરે એક ડૉલર.''

એના પિતાએ એને પુછયું, ''શું તું એને ૨ ડૉલરમાં વેચી શકે ? જો એમ કરીશ તો તું તારા પરિવાર માટે એક મોટી સહાયતા કરીશ.'' માઈકલે માથુ હલાવતા કહ્યું, ''હું કોશિશ કરીશ પણ સફળ થઈશ કે નહિ એની ખાત્રી નથી.''

માઈકલે એ કપડાને સંભાળી, સાચવીને ધોયા અને સ્વચ્છ કર્યા, ગરીબ હોવાથી એની પાસે ઈસ્ત્રી તો ન હતી પરંતુ બે પાટિયા વચ્ચે કપડાને મુકી એણે વજન થકી સળ કાઢી નાખ્યા.

બીજે દિવસે માઈકલ બધા કપડા લઈ એક રેલ્વે સ્ટેશન પર વેચવા ગયો. સ્ટેશનની ગર્દીમાં છ કલાક વિતાવ્યા ત્યારે માંડ એના કપડા વેચાયા. ૨ ડૉલરની કમાણી લઈ એ ખુશી ખુશી ઘરે દોંડ્યો.

ત્યારબાદ એ રોજ જૂના કપડા શોધી તેને ધોઈ, સ્વચ્છ કરી એને નવા જેવા બનાવતો. તે કપડાને ભીડ ભરેલી જગ્યાએ લઈ જઈને વેચી આવતો.

દસેક દિવસ પછી એના પિતાએ ફરી એને જુના કપડા આપી પુછ્યું, ''માઈકલ, તારો શું ખયાલ છે, આ કપડા તું ૨૦ ડૉલરમાં વેચી શકે ?''

માઈકલ ચોંક્યો, ''૨૦ ડૉલર! એ કેમ થાય ? આ કપડાને તો મુશ્કિલ થી ૨ ડૉલરમાં વેચી શકુ છું.'' એના પિતાએ એને પ્રોત્સાહન આપ્યું ''તું કોશિશ તો કર. કદાચ કોઈ ઉપાય મળી જાય.''

માઈકલે મગજ કસીને વિચાર કર્યો અને થોડા સમય બાદ એને એક ખયાલ આવ્યો. એણે એના ભાઈની મદદ લઈ કપડા પર ડૉનાલ્ડ ડક અને મિકી માઉસના રંગીન ચિત્રો બનાવ્યા. આ કપડાઓ લઈને એ જ્યાં શ્રીમંત છોકરાઓ ભણતા તે શાળા પાસે વેચવા ગયો. થોડીક વારમાં જ એક ચાકર જે તેના માલિકના છોકરાને લેવા આવ્યો હતો. તેને તે કપડા માલિકના છોકરા માટે ૨૦ ડૉલરમાં લઈ લીધા. માલિકનો દિકરો જે ૧૦ વર્ષનો હતો, તેને એ કપડા બહુ ગમી ગયા. એણે માઈકલને ૫ ડૉલર (પાંચ ડૉલર) ટીપ તરીકે આપ્યા. ૨૫ ડૉલર તો માઈકલ માટે એક આસમાની રકમ હતી. એના પિતાની માસિક આવક જેટલી. એ ઘરે પહોંચ્યો ત્યારે પિતાએ એને બીજા જુના કપડા આપ્યા. પિતાએ એને પુછ્યુ, ''શું તું એને ૨૦૦ ડૉલરની કીંમતમાં વેચી શકે?'' માઈકલની આઁખોમાં આત્મવિશ્વાસની એક ઝલક ચમકી. એણે કોઈ આશંકા વગર કપડા લઈ લીધા. બે મહિના પછી ફારાહ ફૉસેટ નામની પ્રખ્યાત અભિનેત્રી જેણે ચાર્લિઝ એંજલ સિનેમા માં કામ કર્યું હતું તે ન્યૂયૉર્કમાં પોતાના સિનેમાની જાહેરાત કરવા આવેલી. પ્રેસ કૉન્ફરન્સ પછી જ્યારે તે બહાર નીકળી ત્યારે સુરક્ષા કર્મચારીઓને ચકમો આપી માઈકલ ફારહ ફૉસેટની બાજુમાં પહોંચી પેલા જૂના કપડા પર તેને હસ્તાક્ષર આપવાની વિનંતી કરી. નિર્દોષ બાળકની વિનંતી જોઈ ફારાહ ફૉસેટે તરત જ તેને હસ્તાક્ષર કરી આપ્યા. માઈકલની ખુશીનો ઉત્સાહનો પાર ન રહ્યો. એણે એ કપડાની નિલામી શરૂ કરી. એણે ૨૦૦ ડૉલરની બોલી લગાવી. એક મોટા વ્યાપારીએ આખરે તે કપડા ૧૨૦૦ ડૉલરમાં ખરીદ્યા. પૈસા લઈને જયારે માઈકલ ઘરે પહોચ્યો ત્યારે એના પિતા ગદ્‌ગદ્‌ થઈ ગયા અને આશ્ચર્યમાં બોલ્યા, ''મેં સોંપેલુ કામ તે કરી બતાવ્યં તું ખરેખર મહાન છે.''

રાતના જ્યારે માઈકલ એના પિતા સાથે સુતો ત્યારે એના પિતાએ પુછ્યું, ''માઈકલ, આ જુના કપડા વેચી તું સફળતાનો કયો પાઠ શિખ્યો ?''

માઈકલ જવાબ આપ્યો, ''પ્રબળ ઈચ્છા હોય તો રસ્તો મળી જ આવે.''

**અનુસંધાન પાના નં.૧૧ પર**

**Post Registration No. MNW/277/2015-17**
"Licence to Post Without Pre Payment"
WPP-Lic. No. MR/Tech/WPP-330/NW/2017
RNI No. MAHGUJ/2002/9750
Posted at Liberty Garden, P.O.
on 5th or 6th of every month.
**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**રમેશ એસ. દોશી (નિમિત માત્ર)**
**બી/૬૦૧, નંદનવન કો.ઓ.હા.સો.લિ. નરસિંગ લેન, ડી.એસ. નગર, મલાડ (પ.), મુંબઈ- ૬૪. મો.નં.: ૭૫૦૬૭૫૦૨૫૧, ૯૪૨૭૬૬૩૪૭૩**- Email: doshir65@gmail.com
Web: www.gorakshapatra.org.
**મુદ્રણ સ્થળ : ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ, અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**



**ગોરક્ષા પાત્ર**
**गाय बैल बचेंगे**
**देश बचेगा**

To,